[redacted] સુધરેલ
વર્નાક્યુલર ટેકસ્ટ બુક
તૈયાર કરે

ત્રીજી ચોપડીના

જેની અંદર અર્થ; કવિતાની સમજુતી; પ.
સવાલ તથા સાર; ભુગોળના સવાલ; પાઠવાર
અઘરા શબ્દો તથા જોડાક્ષર; ડ્રિલ;
ધાત; વગેરે.

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.
રચનારનું ઠેકાણું-શાહપોર-સુરત.

પ્રસિદ્ધ કર્તા—C. M. Shah.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું-શાહપોર-સુરત.

છાપનાર:—નારાયણરાવ લક્ષ્મણરાવ તીકમ.
છાપવાનું ઠેકાણું-'શંકર' પ્રી. પ્રેસ ચૌટાના પુલપર-સુરત.

સને ૧૯૨૩] કિંમત રૂ. ૦-૫-૦. [સંવત ૧૯૭૯.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત

ત્રીજી ચોપડીના અર્થ.

પાઠ ૧.

બાળપોથી=નાના છોકરાંને ભણવાની ચોપડી
મૂળાક્ષર=સ્વર અને વ્યંજન
બારાખડી=પદ
રમુજી=ગમત આપનાર
લાભ=ફાયદો
જોડાક્ષર=જોડેલા અક્ષર
જ્ઞાન=સમજ; ભાન
જોગ=લાયક
હકીકત=વાત
સરસ=સારી; મનને પસંદ પડે એવી
ઉમંગથી=હોંસથી
ચિત્રો=ચિત્રામણ; છબી
આનંદ=ખુશી
હોશિયારી=ખબરદારી
વાક્ય=એક અથવા વધારે શબ્દો મળીને મનમાં ધારેલો વિચાર જેથી પુરો જણાવાય તે
વાર્તા=વાત
બોધ=શિખામણ
બારીક=ઝીણી
મુકાબલો=સરખામણી
ભૂગોળ=પૃથ્વીનો ગોળો
અધિકારી=ઉપરી
માહીતી=ખબર
રસીલી=ગમત ભરેલી
સંબંધી=વિષે; બાબત
સારી=રૂડી
નમુના=નકલ
નજર કરો=ધ્યાન આપો; વિચારો
સામાન્ય=રોજ વપરાશમાં આવતી
વર્ણન=વિગતવાર કહેવું તે; બ્યાન
તોળવા=જોખવા; તોલવા
સોદો=માલ; ચીજ
છેતરાશો=ઠગાશો
ઉતાવળે આંબા ન પાકે=ઘણી ઝડપ કરવાથી કામ થાય નહિ
ધ્યાન=ચિત્ત; મન
ખાતરી=ભરોસો
પોપટીઉં=ઉપલકીઉં; સમજ વગરનું
જુની ચોપડી=પાછલી ચોપડી; બીજી, પહેલી બાળપોથી.

સાર-(૧) ભણવામાં ઉતાવળ કરવી નહિ. (૨) જે વાત વાંચવામાં આવે તે ખરી છે કે ખોટી તેની જાતે માહીતી મેળવવી,

પાઠ ૨. ભાગ ૧.

લિપિ=ભાષા
સિવાય=વગર
બાલાણી=બાળબોધ
જુના=પહેલાંના

પંડિતો=વિદ્વાન; ઘણું ભણેલા
માગુ=કેપલો ભાગ
અંક=આંકડા
અનુસ્વાર=મીંડું
વિસર્ગ=કંઇક હકારનો ઉચ્ચાર થાય એવું ચિહ્ન; અક્ષરની જોડે બે મીંડાં મૂકવાં તે
પ્રમાણે=મુજબ

પાઠ ૨. ભાગ ૨.

નીપજે=થાય
લહીઓ=સારા અક્ષરનો લખનાર
લપટાવું=ફસાઇ પડવું
લાલચ=લોભ
નર્યા=રોગ વગરના
જાતે=પોતે
શ્રદ્ધા=ભરોસો; વિશ્વાસ
ઉદ્યોગી=મહેનતુ
ચેન=સુખ; નિરાંત
ઠાઠ=ડોળ; ભપકો
ફક્કડ=સહેલાણી, છેલ
ખાલી=નકામો; ફોકટ
અજુકતું=અઘટતું
અસલ=અગાઉ
વિદ્યાભ્યાસ=ભણવું તે
ઝાઝો=ઘણો
મેળવી=સરખાવી

પાઠ ૩

ટટ્ટુ=નાનો ઘોડો
બજાર=હાટ; ચૌટું
દોરે=લગામ પકડીને આગળ ચાલે
છને=છે
હડહડતો=પુરેપુરો
કળિયુગ=ખરાબ વખત
દૂર=છેટે
ધુમ=હાંક
બુદ્ધિ=અક્કલ
ફરી ગઇ=જતી રહી
રાજાનાં કુંવર જેવા=કોમળ
ખરે બપોરે=મધ્યાનકાળે
હિંડોડે=ચલાવે
ખડુંપાન=ઘરડો; વૃદ્ધ
શરમાઇ=લજવાઇ
જોસબંધ=જોરથી
શ્રાવક=જૈનધર્મ માનનાર
સંઘ=જાત્રાળુઓનું ટોળું
ઘાતકી=દયા વગરનો; નિર્દય
ભાર=વજન, બોજો
વીખરાઇ જશે [illegible] જશે
ખભે=ખાંધે
વખતસર=અણીઅવસર વખતે
પુલ=નદી કે ખાડી પરથી જવા આવવાને માટે બાંધેલો રસ્તો
તોફાન=મસ્તી
શીકે મોઢે=ઢીલે મોઢે; દીલગીર ચહેરે
પસ્તાયા=દીલગીર થયા
સલાહ=વિચાર
દશા=હાલ; હાલત; સ્થિતિ

સાર—આપ બુદ્ધિએ જયજયકાર, પરબુદ્ધિએ પ્રલયકાર, માટે આપણી પોતાની બુદ્ધિ પ્રમાણે ચાલવું પણ આપણી બુદ્ધિ ખરે રસ્તે દોરવે

છે કે ખોટે તેનો વિચાર કરવો.

પાઠ ૪.

ધણીધણિઆણી=સ્ત્રી પુરુષ
ઇશ્વરભક્તિ=ઇશ્વરનું ભજન
ગાળતાં=ગુમાવતાં; કાઢતાં
નરસિંહ ચોદશ=વૈશાખ સુદ ચોદશ
રુપ=દેખાવ; શોભા; ખુબસુરતી
ભંડાર=ખજાનો
વાણીથી=બોલથી
પેદા=ઉત્પન્ન
ગુજરી ગયા=મરી ગયા
ઉછેરવા=મોટા કરવા
મા પર આવી પડયું=માને માથે પડયું
સ્વભાવ=ખાસીયત
સલાહ=વિચાર
મદદ=આસરો
અસર=લાગણી
પરમજુ=પારકાના પર ઉપકાર કરનાર
નીવડયો=નીકળ્યો
અભ્યાસ=મહાવરો; મંડયા રહેવું તે
શિક્ષક=મહેતાજી; ગુરુ
માનીતો=વહાલો; પ્યારો.
નાની મોટી=સહેલી
બાબત=વિષય
ઇચ્છે=ચાહે
માઠું=ખોટું
સાંઢ=આખલો; ગોધો
પછાડી=પટકી; અફાળી
ધાર=રેલો
ખડખડ હસવા લાગ્યા=મશ્કરી કરવા લાગ્યા
અંતઃકરણ=મન; દીલ
એકદમ=ઓચિંતી
ફેંટો=માથે બાંધવાનું લુગડું
પાટો=લુગડાનો ચીરો
ઘા=જખમ
વખાણ=સારું કહેવું તે
જીવતો ઘેર આવત નહિ=મરી જતે
ખસ્યો નહિ=ગયો નહિ
વેદ=દેશી દાક્તર
શુદ્ધિ=ભાન
પરમજુપણું=પરોપકાર; પારકાનું ભલું કરવાનો ગુણ
આશ્ચર્ય=નવાઇ

પાઠ ૫.

ઉંમર=વરસ
ગુજરાન=ભરણપોષણ
પ્રીતિ=હેત; પ્યાર
દયાથી ઉભરાઇ આવ્યું=ઘણીજ દયા આવી
બાડા પડયા=બેસી પડયા; કુવા પડયા
જીવ આવ્યો=શુદ્ધિ આવી
આશીષ=દુવા; આશીર્વાદ
ખૂંચેલો=પેસી ગએલો
કાંઠે=કિનારે
ડુબતો=બુડતો
ઉંધો=અવળો
ટંગાવી=લટકાવી
પાડ=ઉપકાર
ઇનામ=ભેટ; બક્ષીસ

ઘોભાય=ખોટી થવાય
ધાડું=ગીધ
જંગલી=ફાડી ખાનાર
પેઠો=ગયો
કૃપાથી=મહેરબાનીથી
ઇજા=દુઃખ
ભાઇબંધ=દોસ્તદાર
સહીસલામત=સુખેથી; જોખમ કે અડચણ વગર
વિવાહ=લગ્ન
સામેલ=દાખલ

સાર—આપણે દરેક માણસના ઉપર ઉપકાર કરતા રહેવું જેથી ઇશ્વર આપણાપર ખુશી થશે અને આપણું ભલું થશે

પાઠ ૬.

અદલ=વાજબી
ઇન્સાફ=ન્યાય
પૈસાદાર=પૈસાવાળો
ગામઠી=મહેતાજીની
વળગ્યો=લાગ્યો
નસીબદાર=નસીબવાન; ભાગ્યશાળી
ધંધામાં=રોજગારમાં
ફાવતો ગયો=વધતો ગયો
ધન=પૈસો; દોલત
કીંમત=ઘણી કિંમતનો
ઘરેણાં=દાગીના
ઘડાવ્યાં=કરાવ્યાં
દોલત=પુંજી
ખરીદ્યા=વેચાતા લીધા
આબરૂ=કીર્તિ
મરણ પથારીપર પડયા=મરવા પડયા
મરણ=મોત
મિલ્કત=પુંજી; દોલત
ભાગ=હિસ્સો; વહેંચણ
વર્તીશું=ચાલીશું
ત્રીજો ભાગ=ત્રણ ભાગ માંનો એક ભાગ
નવમો ભાગ=નવ ભાગમાંનો ભાગ
કબુલાત=વચન; મોઢાનો કરાર
દહાડોપાણી=મરણ પાછળનો ખરચ
તોડ=ફેંસલો; નિકાલ
દિવાન=પ્રધાન; વજીર
ઉમેર્યો=વધાર્યો
ખબર=જાણ; માલમ
વાહવાહ=વખાણ

પાઠ ૭.

પોળ=શેરી
લખોટે=મજે
સુશોભિત=દેખાવડા
અટકાવ્યો=રોક્યો
નજીવી=નકામી; માલ વગરની
ટેવ=આદત
પાપી=દુષ્ટ
સજા=શિક્ષા
આસપાસ=આજુબાજુ
આકાશ=ગગન
અંતર=મન
આભાસ=અજવાળું; તેજ
ચાસ=ખેતરમાં હળે કરીને પાડેલા આડા ઉભા લીટા
પાસ=પાસે; નજીક

વિશ્વપતિ=દુનિયાનો ધણી; પરમેશ્વર
વાસ=મુકામ; રહેઠાણ
ભોંયમાં=જમીનમાં
ઘડીએ=કરીએ; રચીએ
ઘાટ=વિચાર
જગતનો તાત=દુનિયાનો બાપ; પરમેશ્વર
ખોળીએ=શોધીએ
કણી=રજકણ; ઝીણામાં ઝીણો ભાગ
કાજ=માટે
જગકર્તા=દુનિયાના બનાવનાર; પરમેશ્વર
વિના=વગર
ઠાલું=અમથું; ખાલી
ઠામ=ઠેકાણું

સાર—પરમેશ્વર બધેજ ઠેકાણે છે માટે આપણે ખોટા કામ કરતાં બીવું (ખોટા કામ કરવાં નહિ)

સમજુતી—આપણી આજુબાજુએ ગગનમાં અને મનમાં પરમેશ્વરનું તેજ છે. શ્વાસ અને ચાસની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે (૧) ભોંયમાં પેસીને ભોંયરામાં કાંઇ વાત કરીએ અથવા મનમાં નઠારા (કોઇનું ભુંડું કરવાના) વિચાર કરીએ તો તે પરમેશ્વર જાણે છે. (૨) રજકણ મુકવાને માટે પરમેશ્વર વગરની કોઇપણ જગા શોધીએ પણ પરમેશ્વર વગરની કોઇપણ જગા ખાલી મળે નહિ. મતલબ કે બધેજ પરમેશ્વર છે.(૩)

પાઠ ૮.

વિશ્વસ્વામી=ઇશ્વર; દુનિયાનો ધણી
શીશ=માથું
નામી=નમાવી
શીશનામી=માથું નમાવી; પગે લાગી
આપદા=દુઃખ
ઉગારો=બચાવો
દીનાનાથ=ગરીબનો ધણી (પરમેશ્વર)
આધાર=આસરો; ટેકો; મદદ
પાળનાર=પોષણ કરનાર
સદા=હમેશા; દરરોજ
ઉપકારો=પાડ; આભાર
રંક=ગરીબ
અજ્ઞાન=સમજણ વગરનો; અણુસમજુ
પ્રાણી=જીવ
તુથી=તારાથી
અજાણી=જાણ્યા વગરની
ન અજાણી=અજાણી નથી; જાણીતી છે.
ક્ષમા=માફી
વાંક=ગુનો; તકસીર
મતિ=બુદ્ધિ; અક્કલ
છેક=ઘણીજ
દીલ=મન; અંતર
ધારો=આણો; લાવો
કુટુંબી=કુટુંબના જનો=માણસો
સારાં=નીરોગી; તંદુરસ્ત

શક્તિ=બળ	નિવારો=દૂર કરો; મટાડો;
દાસ=સેવક; ચાકર	ટાળો

સમજુતી–અરે! દેવના પણ દેવ! હે જગતના ધણી (પરમેશ્વર) હું તમને પગે લાગીને પ્રાર્થના કરૂં છું કે દયાળુ તમે મને દુઃખથી બચાવો હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત તારોજ આસરો છે. (૧) હે પરમેશ્વર તમે હંમેશાં દુઃખ મટાડનારા છો; બધાનું પોષણ કરનારા છો; તમે મારાપર કરોડો ઉપકાર કર્યા છે. હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે. (૨) હું ગરીબમાં ગરીબ અને અને સમજણ વગરનો જીવ છું મારી કાંઇ પણ વાત તમારાથી અજાણી નથી; (મતલબ કે બધીજ તું જાણે છેજ) હે દયાળુ મારો ગુનો માફ કરો. હે ગરીબોના બેલા (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે. (૩) અમે નાના છોકરાઓ હાથ જોડીને (કરગરીને) કહીએ છીએ કે હે પ્રભુ અમારી બુદ્ધિ ઘણીજ ઓછી છે, માટે મહેરબાની કરીને અમારી માગણી મનમાં લાવો; હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે (૪) અમે ને અમારાં જે સગાવહાલાં છે તે બધાં શરીરે સુખી (તંદુરસ્ત) અને જબરાં રહીએ, તમે અમને હમેશાં સદ્‌બુદ્ધી આપજો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે. (૫) મેં તમારી જરા પણ સ્તુતિ કરી નથી, તેમજ આપના ગુણ ગાવાની (ભજન કરવાની) શક્તિ મારામાં નથી, તોપણ દયા લાવીને (મહેરબાની કરીને) સેવકના દુઃખ મટાડો, હે ગરીબોના બેલી (પરમેશ્વર) મને ફક્ત એક તારોજ આસરો છે. (૬)

પાઠ ૯.	રહેવા માટે ભોંયમાં	છાંયો=છાંયડે
દર=નાનાં પ્રાણી પોતાને	જે બાકાં પાડે છે તે	પંજામાં=દાવમાં;સપાટામાં

સપડાયલો=પકડાયલો; ઝલાયલો
કાલાવાલા=કરગરીને કહેવું તે; આજીજી
ગુનો=વાંક
આફત=આપદા; દુઃખ
સેવક=ચાકર; દાસ
જીવતદાન=કોઇનો જીવ બચાવવો તે
હસીને=મશ્કરી કરીને
મગરૂરી=શેખી; પતરાજી
ગર્વ=મગરૂરી
વન=જંગલ
માન=સમજ; અક્કલ
જાળ=ફાંદો
ફાંફાં=ખોટી મહેનત
છુટાયું=નીકળાયું
અકળાયો=ગભરાયો
ખુમો=ધાંટા
વાળવાનો=આપવાનો
મહારાજ=મોટો રાજા
બજાવશે=કરશે
છૂટો થયો=નીકળ્યો

અત્યારે=હાલ; હમણાં
સાંભરતી=યાદ આવતી
હસતો હતો=મજાક કરતો હતો
તરણા સરખું=તણખલા જેવું; નકામું; નજીવું
એવડો=બમણો
સાર-ગર્વ કરવો નહિ

પાઠ ૧૦.

પરચુરણ=જુદી જુદી જાતના
ફેરી=વેચવા ફરવું તે
ફેરી કરી=ફરીને છુટક વેચી
ગુજરાન=ગુજારો
ધરાક=સોદો લેનાર
ખોટી=ગેરવાજબી
કિંમત=ભાવ
છેતરતો=ઠગતો
શાખ=આબરૂ; ભરોસો
ઠરાવ્યા=નક્કી કીધા
સામાન=વસ્તુ;ચીજ
પ્રમાણિક=વહેવારમાં સાચો.
પ્રમાણિક રહેતો=ખરી રીતે ચાલતો
મોહનમાળા=ડોકમાં પહેરવાની સોનાની માળા
જડી=મળી
પોલીસ=રૈયતનું રક્ષણ કરનાર માણસ.
થાણું=ચોકી
પોલીસ થાણાનો અમલદાર=નાયક
ફરજ=જરૂર; અગત્ય
વાણી=બોલ; શબ્દ
માફક=પેઠે
કમાયો=પેદા કીધું
દુકાન=માલ વેચવાનું ઠેકાણું
શરૂ કર્યો=કરવા માંડયો
ભાવ=કિંમત; મૂલ
કાશી=ગંગા નદી પર શહેર છે. બનારસ
આગ્રહ=કાલાવાલા; તાણ
કોલેરા=ઝાડો ને ઉલટી થાય તે રોગ

લાગુ પડવાથી=થવાથી
મહા મુશ્કેલી=મોટી મુશીબત
વિધવા=જેનો ધણી મરી ગયો હોય તે સ્ત્રી
ધન્ય=શાબાશ

સાર—કોઇનું પણ હરામનું લેવાની કદી ઇચ્છા રાખવી નહિ જો આપણે કોઇનું હરામનું લઇએ તો તેની સાથે આપણી પાસે હોય તે પણ જાય

પાઠ ૧૧.

ખેડીખાવાને=ખેતી કરવાને
તુરંગ=જેલ; કેદખાનું
છંદ=ટેવ; નાદ; આદત
જાપ્તો=ચોકસી; તજવીજ
લાગ=દાવ
ધનવાન=પૈસાદાર; શ્રીમંત
વિકટ=બિહામણું
રાહ=વાટ
ચોકીદાર=ચોકી કરનાર
દ્રવ્ય=નાણું
લૂંટી=ખુંચાવી
પાળ=કારણ
તાલેવંત=પૈસાદાર
મિઠાઇ=ગળ્યું ખાવાનું; બરફી, પેંડા વગેરે.
સુખે=નિરાંતે
નસીબ=ભાગ્ય
કંદોઇ=સુખડીઓ
ભેળ્યું=મેળવ્યું
તાકયું=ધાર્યું; ઇચ્છયું
મડદાં=મુડદાં; મરી ગએલાં પ્રાણીઓ
ગીધ=ફાડી ખાનારૂં મોટું પક્ષી
મગર=ગરોળીથી પચીસ ગણું મોટું પાણીમાં રહેનારૂં પ્રાણી
વાવે=રોપે
લણે=કાપે
પામે=મળે

સાર—આપણે કોઇનું ભુંડું ઇચ્છવું નહિ પણ ભલું ઇચ્છવું કે જેથી ઇશ્વર આપણું ભલું કરે

પાઠ ૧૨.

વર્તણુંક=રીતભાત
સહન થઇ શકયું નહિ=ખમાયું નહિ
ઉપાય=ઇલાજ
ફોસલાવી=સમજાવી
જુલમ=જબરાઇ
રૂચતી=ગમતી
નીચ=પાપી
કંઇ બાકી રાખતો નથી=ઘણુંજ કરે છે
ગંધર્વ=ગવૈયાની એક જાત; સ્વર્ગમાં ગાનારા
અપકાર=અવગુણ; ભુંડું કરવું તે
ગળગળા=છાતી ભરાઇ આવેથી નરમ થએલા
આફતો=અડચણો
ગુસ્સે થતા=ક્રોધે ભરાતા

સાર—કોઇ આપ-

ણું ભુંડું કરે તોપણ આપણે તેનું ભલુંજ કરવું જેથી ઇશ્વર આપણા પર રાજી થશે

પાઠ ૧૩.

અદલ=ખરો;વાજબી
રાજકાજ=રાજ કારભાર
કચેરી=દરબાર
ચર્ચા=વાતો; વિચાર
સાક્ષી=વાત જાણનાર
અચરજ=નવાઇ
હક=માલકી
ગળેપડુ=ખોટો હક ધરાવનાર

સાર—બીજાની વસ્તુ ગળે પડી લેવાની ટેવ રાખવી નહિ

પાઠ ૧૪.

ગૃહસ્થ=કુટુંબ કબીલાવાળો; સારી સ્થિતિનો માણસ
કકડીને=ઘણીજ; સખત
નિસાસો=દુઃખ કે દીલગીરીને લીધે શ્વાસ નાંખવો તે
અભાગીઓ=કમનસીબ
કરમાઇ ગયું=ફીકું પડી ગયું; ઉતરી ગયું
નીચે=હેઠે
ફરમાવ્યું=હુકમ કીધો
ટેકો=આધાર; આસરો
પ્રથમ=હંમેશાં
કદાપિ=કોઇવાર
તંગી=તંગાસ; ભીડ
મટી=દૂર થઇ; ટળી

સાર—આપણી બધી ઇંદ્રિયો સાજી છે માટે ઇશ્વરનો પાડ માનવો અને એ ઇંદ્રિયોનો સારો ઉપયોગ કરવો.

પાઠ ૧૫.

વસ્તી=વાસો; રહેઠાણ
મશ્કરી=મજાક
નોતરૂં=જમવાનું કહેણ
રંગીલ=રંગીલો
સુશોભિત=દેખાવડો
છાછરો=જરાક ઉંડો ને પહોળો
થાળ=મોટી થાળી
પીરસી=મુકી
ચપચપ=ઝપઝપ
ખામી=ખાંપણ; ખોડ
ભાવ=હેત; પ્યાર
ભોળા=પાપ વગરના
આગ્રહ=કાલાવાલા
માન્યા વગર=કબુલ કર્યા વગર
ખાતર=અરદાસ
સાટું=બદલો
મોં મલકાવી=મનમાં હસી
સ્વાદે=લહેજતથી
શરમાયું=લજવાયું

સાર—કોઇની મશ્કરી કરવી નહિ જો આપણે કોઇની મશ્કરી કરીએ તો તે આપણી કરે.

પાઠ ૧૬.

સત્ય=સાચું
સતનું=સત્યનું
ચિંતન કરવું=ધ્યાન

ધરવું
સત=સાચું
વાક્ય=શબ્દ; વચન
નિશ્ચય=નક્કી; નિરધાર
ઉચરવું=બોલવું
અસત્ય=ખોટું
જશથી=આબરૂથી
ઝળકીત=પંકાએલા;
વખણાએલા
જગે=દુનિયામાં
બીજ=બીયુ
વૃક્ષ=ઝાડ
વિશાળ=મોટું
ગુણકારી=ફાયદાકારી
ફળ=પરિણામ
આશ્રય=મદદ
છાંયતળે=શીળામાં
પરિતાપ=દુઃખ
વસે=રહે

પ્રગટે=ફેલાય
છળ=લુચ્ચો
દુષ્ટમતિ=નઠારી બુદ્ધિ
ભય=બીક; ભો
હટે–નાશ પામે; જતો
રહે
જોગ=બનાવ, કારણ
છુપાઇ જશે=ઢંકાઇ જશે:
જાહેરમાં આવશે નહિ
છેવટ=આખર
ઉજાસ=પ્રકાશ
ફરીને=બીજીવાર
દીપશે=પ્રકાશશે
આંચ=નુકશાન
ક્લેશ=દુઃખ
અનેક=ઘણાં
હટે=દૂર કર; મટાડ
સમુ=સરખું; બરાબર
અન્ય=બીજું

ખરે=નક્કી
અતિ=ઘણો, બહુ
વિશ્વપતિ=પરમેશ્વર
રીઝશે=ખુશી થશે
સ્વર્ગ=દેવોનું રહેઠાણ
રીઝો=ખુશી થાઓ

સાર-હમેશાં સત્ય બોલવાથીજ લાભ છે. અને તેથી પરમેશ્વર ખુશી થાય છે.

જુઠામાં જુઠો માણસ પણ એક દિવસમાં જુઠા કરતાં સાચું વધારે બોલેછે એ ઉપાયથી ઇશ્વરને સાચુંજ ગમે છે એમ સાબીત થાય છે.

સમજુતી અરે મારે સત્યનું ધ્યાન ધરવું અને નક્કી સાચું બોલવું કદાપિ ખોટું કામ કરવું નહિ, અને દુનિયામાં આબરૂથી પંકાયલા રહેવું. (૧) સત્યના બીજથી સત્યનું મોટું ઝાડ થશે; અને તેના લાભકારી સારાં ફળ મળશે, સત્યરૂપી ઝાડની નીચે માણસો આસરો લેશે, તેથી તેમનાં દુઃખો જતા રહેશે અને બધાં સુખ મળશે. (૨)

દુનિયામાં બધાં કામ સત્યમાં (સત્યને આધારે) રહેલાં છે માટે અસત્ય કામ કરવાથી માણુસ દુઃખમાં આવી પડશે જેમ સત્યરૂપી સુરજનું તેજ ઘણું પ્રકાશશે, તેમ કપટ અને નઠારી બુદ્ધિ (સત્યની) બીકથી નાશ પામશે. (જતી રહેશે) (૩) કદાચ કોઇ કારણુથી સત્ય ઢંકાઇ જશે (જાહેરમાં આવશે નહિ) તોપણુ આખરે સત્યનોજ પ્રકાશ થશે. મતલબ કે સત્ય ઉઘાડું પડશે. જેમ સુરજ કદી વાદળાંથી ઢંકાઇ જાય છે; તોપણુ તે પાછો ફરીથી ખુલ્લો થઇ પ્રકાશે છે, તેમ. (૪) સાચને નુકસાન નથી. (સાચું બોલવાથી નુકસાન થતું નથી) તેમ તેનો કદાપિ નાશ થતો નથી, માટે હંમેશાં સાચું બોલી-નેજ દુનિયામાં જીત મેળવવી, સત્ય ઘણાં દુઃખ નક્કી ટાળે છે. સત્યના જેવું જોર બીજું નક્કી નથી. (૫) સત્યમાં હંમેશ ખરૂં સુખ રહેલું છે, એટલુંજ નહિ પણુ સત્યથી પરમેશ્વર ઘણો ખુશ થશે વળી સત્ય વગર બીજો ધર્મ નથી, માટે સત્યથી સ્વર્ગ જીતો અને હંમેશાં ખુશ રહો. (૬)

પાઠ ૧૭.

રિવાજ=ધારો; નિયમ
વર્તમાનપત્ર=છાપું;ચાલ-
તા વખતની હકીકતના
છાપેલા કાગળ
બાંકડો=પીઠવાળી પાટલી
તંબુ=લુગડાનું ઉપાડી
લેવાય એવું ઘર
સપાટ=સરખી
ભરવાડ=ઘેટાં ચારનાર
પાકાં=છો ઇંટના
મીલનસાર=મળતાવડા
પરોણાચાકરી=પરોણા-
ગત
ભારી=બોજારૂપ
પૂજે છે=સેવા કરે છે
સાર—જરૂર વગરની
ચીજે પાછળ ઓછો ખ-
રચ કરવો અને તેનો ઉપ
યોગ પરોપકારમાં કરવો

પાઠ ૧૮.

મોહોરમ=જે મહીનામાં
તાબુત નીકળે છે તે
મુસલમાનનો મહીનો
તાબુત=તાજીઆ
કુકડો=કુકડ
વેશ=દેખાવ
વરખ=ધાતુના છેક પાતળા
પતરાં
તારીફ=વખાણ

મરણતોલ=મરી ગયો હોય એવી
સ્થિતિ=હાલત
રડારોળ=ઘણું રડવું કકળવું તે
એકાએક=એકદમ
અચંબો=નવાઈ
દશા=સ્થિતિ,હાલત
ધ્યાનમાં=સમજણમાં
ઉપચાર=સારવાર; ઉપાય
સારવાર=ચાકરી; બરદાસ
પ્રસંગ=વખત; બનાવ
પરિણામ=ફળ; છેવટ
છિદ્રો=કાણાં
વાટે=રસ્તે
ઢીલ=વાર
મંદવાડ=રોગ; બિમારી
અકસ્માત=અણધાર્યો બનાવ
વિદાય થયા=ગયા

પાઠ ૧૯.

ભાઈભાડું=ભાઈબેન
ઉપજ=પેદાશ
ઘરખરચ=રોટલાં ખરચ
દુકાળ=મોંઘવારી; અનાજ પાણી મોંઘા મળે એવો વખત
પાક=ફાલ
કરકસર=ખપ જેટલું વાપરવું તે
ચરૂ=કડાંવાળો દેગડો
સોનામહોરો=સોનાના સિક્કા
ઉતરે=ઓછો આવે
અઘાટ=ધણીપણાના હક સાથે; તમામ હક સાથે
ચુકાદા=ફેંસલા
નિર્ણય=ફેંસલો; ચુકાદો
પાક=પેદાશ

સાર— પ્રમાણિકપણે ચાલવાથી ઇશ્વર ખુશી થાય છે માટે પ્રમાણિક પણે ચાલવું

પાઠ ૨૦.

દિલ્હી=જમના નદીના કાંઠાપર શહેર છે
પ્રખ્યાત=જાણીતા
પરાક્રમી=બહાદુર
શોખીન=કોઈપણ બાબતમાં આનંદ લેનાર
આસરો=મદદ
મોં ઉતરી ગયાં=ફીકાં પડયાં
ખજાનચી=ખજાનાનો ઉપરી; તિજોરીનો ઉપરી
ફટકા=સપાટા; નેતર કે ચાબુકના ઝપાટા
નિશ્ચય=ઠરાવ
ભાગીદાર=ભાગીઓ
ખુદાવંદ=મોટો માલીક (મોટા દરજ્જાવાળાને માટે બોલાય છે)
અર્ધું=અડધાં અરધ
શરત=કબુલાત
હજુરમાં=રૂબરૂમાં
લાંચીઆ=લાંચ લેનારા
માનીતો=વહાલો

સાર—હકથી વધારે લેવાની ઇચ્છા રાખવી નહિ

પાઠ ૨૧.

તોફાની=મસ્તીખોર
કાયર=હેરાન
આંકી=દામ દઈ; નિશાની કરી
ચર્યો=ખાઇ પી મસ્ત થયો
ફાટયો=જબરો થયો
માતેલા=ખાઇ પી જબરા થએલા
જબરા=જોરાવર
હાથ ચલાવવો=મારવું
ઘટતો=લાયક
પલક=જરાવાર
કચરી=ચગદી
યુક્તિ=તદબીર
નસકોરાં=નાકનાં બે કાણાં
પેસી ગયો=દાખલ થયો
તોબાતોબા=કાયર કાયર
પોકરાવી=કરાવી
ફુલાઇ ગયો=મગરૂર થયો
અહો=અરે
શબ્દ=બોલ; વચન
અભિમાની=અહંકારી
ઉતારૂં=કાઢું
સપડાયો=ફસાયો
હલકા મનનો=નીચ વિચારનો
નમ્ર=ગરીબ
માઠાં=ખરાબ
હલકો=તુચ્છ

સાર-કદી અહંકાર કરવો નહિ. અહંકારી માણસો ધારે કે મારા જેવો કોઇ નથી પણ તેના માથાનો કોઇ હોયજ

પાઠ ૨૨.

સ્થાપન=મંડાણ;શરૂઆત
સવડ=સગવડ; સોઇ
ગોઠવણ=બંદોબસ્ત
ખેપીઓ=કાસદ
લાભ=ફાયદો
સહજ=થોડો
માનવાચક=માનનો અર્થ બતાવનારા
તીર્થરૂપ=તીર્થ જેવા પવિત્ર; બાપ; ગુરૂ (એ શબ્દ વડીલના નામની પહેલાં વપરાય છે)
ચિરંજીવી=લાંબી મુદત જીવનાર. (આ શબ્દ છોકરાંના નામની પહેલાં વડીલ વાપરે છે.)
રાજમાન=જેને રાજ તરફથી માન મળતું હોય તેવા
રાજેશ્રી=જેને રાજ તરફથી પૈસા મળતા હોય તે
સૌભાગ્યવતી=પરણેલી સ્ત્રી કે જેનો ધણી જીવતો હોય તે
ગંગાસ્વરૂપ=એ શબ્દ વિધવા સ્ત્રીના નામની પહેલાં વપરાય છે.
નામઠામ=નામ ને ઠેકાણું
ક્રમવાર=એક પછી એક
સરનામું=નામઅનેઠેકાણું
ધ્યાનમાં=સ્મરણમાં
પત્તો=ઠેકાણું

પાઠ ૨૩.

સુલતાન=મુસલમાન પાદશાહ

શિકાર=જનાવરોને તાકીને ગોળી મારવી તે
એહેસાન=પાડ
માનું છું=ગણું છું
ખોરાક=ખાવાનું
હાજર કરૂં છું=રજુ કરૂં છું
ડોલચું=ડોલ જેવું નાનું વાસણ
ભાવથી=હોંસથી; ખુશીથી
શાંત=ઠંડો
વિનંતી=નમનતાઇથી કહેવું તે
જાગીર=ઇનામી જમીન; સરકાર તરફથી મળેલું ગામ કે જમીન
ઉમરાવ=અમીર
સાન=અક્કલ; સમજ
સંબંધમાં=વિષે
અંદેશો=શક; વહેમ
જાતે=પોતે
ઝવેરખાનાનો=કીમતી રત્નોનો

ઉપરિ=અધિકારી; સરદાર
ઇલાજ=ઉપાય
ભંભેરવા=ખોટું સમજાવવા
સંતાઇ=છુપાઇ
ભિખારી=ભીખ માગનાર
સ્થિતિ=હાલત
ભેટયો=છાતીસાથે દાબ્યો
પ્રધાન=વજીર
ઇર્ષાખોર=અદેખા;ઝેરીલા
દેશનિકાલ=દેશપાર; દેશ બહાર કાઢી મૂકવું તે

સાર-માણસની ચઢતી પડતી જીભ વડે થાય છે જો આપણે નમનતાઇ વાપરીએ તો સામાનો પ્યાર મેળવીએ, માટે ઇર્ષા છોડી નમ્ર સ્વભાવ રાખવો કે જેથી ઉમરાવોના જેવા હાલ થાય નહિ

પાઠ ૨૪.

પંચ=પાંચ કે વધારેનું ટોળું
વાદવિવાદ=તકરાર

ફૂત=તરત
દરબાર=કચેરી
નાર=માદા
ગણના=ગણતરી; કદર
વલવલે=ટળવળે; વલખાં મારે
પય=દૂધ
વફાદાર=વિશ્વાસુ
ધાન=અનાજ; ખાવાનું
નીમક=મીઠું; લૂણ
હલાલ કરૂં છું=બદલો વાળી આપું છું
માન=આબરૂ
સેવા=ચાકરી
માનવી=માણસ
ઉપાડે=ઉંચકે
ભાર=બોજો; વજન
મણબંધી=બોજો; વજન
મણબંધી=ભારે; મણના માપથી
બોજા=વજન; તોલ
બીન=વગર; વિના
તન=શરીર
તનતોડીને=ઘણું વૈતરૂં

કરીને
હાર=પરાજય; હારવું તે
માલિક=ધણી
રસ્તો કાપું=મુસાફરી કરૂં
પીઠ=વાંસો; બરડો
દરકાર=પરવા
માર્ગ કાપવા=રસ્તો ઓછો કરવા; અંતર ઓછું કરવા
સફર=લાંબી મુસાફરી
મુજ=મારો
જળકાજે=પાણીને માટે
જીવ લીએ છે=મારી નાખે છે
ક્રુર=ઘાતકી; દયાવગરનો
અંબાડી=હાથીપર માંડવાની બેઠક
કેરો=નો
દીપે=શોભે; સારો દેખાય
શ્રેષ્ઠ=સૌથી સરસ; ઉત્તમ

પશુ=ચોપગાં જાનવર
સરદાર=ઉપરી
ન્યાય=ઇન્સાફ
નિર્દોષી=વાંક વગરનો, નિરપરાધી
તલ=જરા જેટલો; થોડો
ત્રાસ=બીક; ભય
તોય=તોપણ
તલપે છે=તાકે છે; ધારે છે
માંસ=ગોળ
કસાઇ=ચંડાળ
કર=હાથ
ઠાર બનું છું=કપાઇ જાઉં છું
કૂલ=બધો; તમામ
બોજ=બોજા
વ્યાપાર=વેપાર
ઘડી=થોડો વખત
કરાર=આરામ
ખર=ગધેડો

ગજ=હાથી
આશા=ભરોસો; વિશ્વાસ
અથડાય=અફળાય
આશાપર અથડાય=ભરોસાપર રહે
ખલક=જગત; આલમ; દુનિયા
દંડે=શિક્ષા કરે
પીડતાં=દુઃખ દેતાં
કોપે=ગુસ્સે થાય; રીસે ભરાય
કીરતાર=પરમેશ્વર; બનાવનાર

સાર—આપણે પાળેલાં જનાવરો પાસે ગજા ઉપરાંત કામ કરાવવું નહિ. અને પેટપુર ખાવાનું આપવું.

સમજુતી—ચોપગાં જનાવરોમાં એક વાંધો પડયો. તેથી તેઓએ પોતે સામાસામી સવાલ જવાબ કરવા માટે કચેરી ભરી (ભેગાં થયાં) અને ત્યાં બધાં નર અને માદા બેઠાં એટલે ગાય—હું ગાય ગરીબડી પડી એટલે મારા ગુણોની (ઉપયોગી પણાની) કદર કોણ કરશે?

મતલબ કે કોઇ નહિ. મારાં વાછરડાં બિચારાં દૂધ વગર ટળવળે છે અને દૂધ તો બીજા ખાય છે; તોપણ મારા પર થતા જુલમનો પાર ક્યાં છે ? (ટેક) (૧) કુતરો—હું વિશ્વાસુ પ્રાણી છું ધણીનું અન્ન ખાઇને મનમાં ટેક રાખીને તેના ખાધેલા લૂણનો બદલો વાળી આપું છું અને વળી રાત દિવસ સેવા પણ કરૂં છું. (ટેક) (૨) ગધેડો—બેવકુફ (અક્કલ વગરના) માણસ મને હસે છે, પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે ? ભારે વજન લાદે (પીઠપર ભરે) તોપણ વગર તકરારે હું ચાલું છું પણ કહો કે માણસો મારો ગુણ ક્યાં જાણે છે ? (ટેક) (૩) ઘોડો—હું શરીરે દુઃખ વેઠીને ચાકરી કરૂં છું અને કદાપિ હાર (ખાવાનું) પણ ન ખાઉં, ધણીને પીઠપર બેસાડીને મુસાફરી કરૂં છું તોપણ કહો કે કોણ મારી કાળજી રાખે છે ? (ટેક) (૪) ઊંટ—મુસાફરીમાં રસ્તો કાપવાને હું ઘણી લાંબી મુસારી કરૂં છું તોપણ કોઇ ઘાતકી મુસાફર પાણીને માટે મને મારી નાંખે છે (રણમાં પાણી નહિ મળવાથી મુસાફર પોતાનો જીવ બચાવવાને ઊંટને મારે છે કેમકે તેની પીઠપરના ઢેકામાં પાણી ભરાઇ રહેલું હોય છે) છતાં પણ મરતાં મરતાં હું પરોપકાર કરૂં છું. (ટેક) (૫) હાથી—રાજાની અંબાડીનો આધાર મારાપર છે (મતલબ કે મારા વડે અંબાડી શોભે છે.) મારા પગલાથી સ્વારી સારી દેખાય છે, અને વળી દરબાર પણ શોભે છે. તેથી હું પશુઓમાં મોટો સરદાર છું. (મતલબ કે પશુઓમાં હુંજ મોટો છું) (ટેક) (૬) બકરો—હું જરા પણ દુઃખ આપતો નથી; તોપણ માણસ મારૂં માંસ ખાવાને તલપી રહે છે,તેથી હું ચંડાળના હાથે કપાઇ મરૂં છું. કહો મને બીન ગુન્હેગારને ઇન્સાફ ક્યાં મળે છે ? (મતલબ કે મળતો નથી)

(ટેક) (૭) બળદ—મારા જોરથી ખેડુત હળ-જમીન ખેડે છે મારા પર આખી દુનિઆનો આધાર છે; હું જ સ્વારી કે વેપારનો, રોજનો ભાર ઉપાડું છું તોપણ મને જરા પણ આરામ મળતો નથી. (ટેક) (૮)

ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડો, ને ગાય એ બિચારાં પ્રાણી બીજાના ભરોસા પર અકળાય છે. વિશ્વમાં નહારા કામને માટે જો કે સરકાર સજા કરે છે, તો પછી પશુ પક્ષીને દુઃખ દેતાં પરમેશ્વર ગુસ્સે થાય નહિ? મતલબ કે થાયજ.

પાઠ ૨૫.

ગુનો=કસુર
કબુલાત=વચન; કરાર; ઠરાવ
ધડકો=હડસેલો
ફુટી ગયો=ભાગી ગયો
ફોડાવ્યા=કકડા કરાવ્યા
ફોડયો=ભાગ્યો
મા=નહિ
બોલ મા=બોલ નહિ
કસુર=વાંક; ગુનો
અજાણે=અજાણતાં
માની=કબુલ કરવી
ગુનેગાર=અપરાધી; કસુર કરનાર
નારાજ=નાખૂશ
બીક=ભો
ઉદાસ=દીલગીર
સુખેથી=વગર ફીકરે
હેઠે=નીચે
રૂએ=રડે
દોષ=વાંક; ગુનો
સંતાડવા=છુપાવવા
ભૂલ=ચૂક
સહન કરૂં=ખમું; વેઠું
સદ્‌ગુણી=સારા ગુણવાળા
નીવડે=નીકળે; થાય

સાર—ગુનો કબુલ કરવાથી પરમેશ્વર ખુશ થાય છે અને આપણા મનને ફીકર રહેતી નથી

પાઠ ૨૬.

બાળાઓ=છોકરીઓ
હોંસે હોંસે=ઉમંગથી
કન્યા=કુંવારી છોકરી
સારે રાગે=મધુર સ્વરે; મીઠે અવાજે
સીવણ=સીવવાનું કામ
રંગબેરંગી=તરેહતરેહના રંગના
ગળપટા=ગળે બાંધવાના પટા
લેખાં=મોઢે ગણવાના હિસાબ; મુખગણિત
ઘાટ=આકાર
પ્રદર્શન=સંગ્રહસ્થાન; નમુનેદાર ચીજો બતાવવા માટે એક ઠેકાણે ભેગી કરી રાખવી તે
ગૂંથેલી=વળ દીધેલી
ચિત્રકામ=ચીતરવાનું કામ

તલ્લીન=મશગુલ; લીન; એક ચિત્ત
ખુબી=મજા
મહેતાજી=કન્યાશાળાની વડી સ્ત્રી શિક્ષક
લાયક=યોગ્ય
ગુણી=ગુણવાન
શિક્ષકો=આસિસ્ટંટો
વર્તે=ચાલે
સલાહસંપ=એક વિચારે મળી સમજીને ચાલવું તે
શિક્ષણ=શિખવવાનું કામ

સાર—છોડીઓને ભણાવવાથી તેમની અક્કલ ખીલે છે. માટે છોડીઓને ભણાવવી જોઇએ

પાઠ ૨૭.

સંઘરો=સંગ્રહ
કુદરતનું=ઇશ્વરી શક્તિનું
અવલોકન=ધારી જોવું તે; બારીક તપાસ
રાજધાની=રાજા જે શહેરમાં રહેતા હોય તે શહેર; રાજગાદીનું શહેર
ઇમારતો=ઉંચી બાંધણીનાં ઘરો
કિલ્લો=ગઢ
રચના=બનાવટ; ગોઠવણ
બાંધણી=બાંધકામ
ખાણો=અનાજ ભરી મૂકવા માટે જમીનમાં જે ખાડા ખોદેલા તે
જાર=જુવાર
ખાનગી=પોતાની
સળી=સડી; જીવાત પડી
ભુકરો=રેતી; એક જાતનો પોચો પત્થર
ખડ=ઘાસ
ઉપયોગ=ખપ
ગંજી=ઘાસનો ઢગલો
અગત્યની=જરૂરની
આગગાડી=દેવતા અને પાણીના બળથી (વરાળથી) ચાલતી ગાડી
સાધન=વસ્તુઓ
પુષ્કળ=ઘણું; બહુ
દાણા=અનાજ
નાણું=પૈસા
દ્રવ્ય=પૈસા
હરકત=અડચણ
સંગ્રહ=સંઘરો; એકઠું કરવું તે
અવારનવાર=વારાફરતી
સંઘાત=મેળાપ

સાર—પૈસા બચાવ્યા હોય તે ઘડપણના વખતમાં તથા આફતના વખતમાં ખપ લાગે છે માટે દરેક માણસે પૈસાનો સંગ્રહ કરવો જોઇએ.—"**વખત અને પૈસો નકામો ગુમાવવો નહિ.**

સમજુતી—જુઓ કે જંતુની જાતમાં કીડી પણ અનાજ એકઠું કરે છે અને બધી સાથે મળીને હંમેશાં હળી મળીને દરમાં રહે છે.

પાઠ ૨૮.

પરબ=મુસાફર લોકોને મફત પાણી પાવાનું ઠેકાણું

વારાફરતી=એકપછી એક

કઠિઆરા=લાકડા ફાડનાર; લાકડા કાપીને વેચનાર

વળેલો=વળગેલો

ખરો તડકો=સખત તાપ

વિસામો=આરામ

ધર્માદા=દાનમાં આપી દીધેલું

દસમો ભાગ=દસ ભાગમાંનો એક ભાગ

આશીર્વાદ=આશિશ,દુઆ

ટાળવામાં=મટાડવામાં; દૂર કરવામાં

મનોહર=મનને રાજી કરે એવું

શીતળ=ટાઢી; ઠંડી

સાર.—જે કાંઇ કમાવવું તેમાંથી દસમો ભાગ ધર્મના કામમાં ખરચવો. 'ધર્મે જય અને પાપે ક્ષય.'

પાઠ ૨૯.

વળગ્યો=લાગ્યો; બાઝ્યો

તર્ક=મનસુબો; વિચાર

તર્ક ઉઠાવે=મનસુબા કરે

શેખચલ્લી=ખોટા વિચાર કરનાર

પાર=છેડો; અંત

ઠરાવી=નક્કી કરી

ધાડવો=ઘી ભરવાનું માટીનું વાસણ

તરંગ=ખોટા વિચાર

ધુંણાવી=હલાવી

ઠપકો=ગુનાના બદલામાં કડવા શબ્દો કહેવા તે

ઘર ભાંગ્યું=ઘરબાર વગરનો થઇ ગયો

નકામા=ફોકટના

ગાળી નાખ્યા=ગુમાવ્યા

ઉધમે=ધંધે

માફક=પેઠે

ચેતવ્યો=સમજાવ્યો

સાર—આપણા ધંધા સંબંધીજ વિચારો કરવા એકદમ પૈસાદાર થઇ જવાના વિચાર કરવા નહિ.

પાઠ ૩૦.

પતંગ=કનકવા

છેક=તદ્દન

ફરીથી કરો=બીજીવાર કરો. મતલબ હર કાંઇ સારૂં કામ પુરૂં ન થાય ત્યાં સુધી ફરી ફરીને કરવું.

ચઢાવવા=ઉડાવવા

સપાટો=જોસ

ગોથું ખાઇ=ઉંધો થઇ

કાયર થવું=કંટાળવું

પ્રયાસ=યત્ન; મહેનત

આસમાન=આકાશ

ટપકા=ડાઘા

વીંટવા=લપેટવા

સાર.—શરૂ કરેલું કામ પુરૂં ન કરીએ તો કરેલી મહેનત નકામી જાય, અને લોકમાં મ-

જાક થાય. માટે હરકોઇ કામનો આરંભ કરતાં પહેલાં વિચાર કરવો કે એ કરવું વાજબી છે કે નહિ અને વાજબી લાગે તોજ આરંભ કરવો; અને આરંભ કર્યો તો ને કામ પુરૂં કરવુંજ; વચ્ચેથી અધુરૂં મુકી છોડી દેવું નહિ જે માણસ આ પ્રમાણે કરતો નથી તે બાયલો કહેવાય છે.

પાઠ ૩૧.

ડોલે=હાલે
તરુવર=મોટું ઝાડ
ઝુલાવે=હિંચોળે; હલાવે
પાન=પાંદડાં; પાંતરાં
ગાન=ગાયન
ધ્યાન ધરતાં=ઇશ્વરને પોતાના મનમાં આણતાં
કલોલ=ચેનબાજી; આનંદ; મજા
સાથ=સાથે
પડદો=આંતરો
ખોલે=ઉઘાડો કરે
ચૂસે છે=શોષે છે
ફૂલરસ=ફૂલમાંનો રસ
ઘાટે=ઓવારે; કિનારે
જળઘાટે=નદી કે તળાવ કાંઠે
નિજ=પોતાની
વાટે=રસ્તે
પોઢે=સૂએ
માળ=માળામાં
જપતાં=ઠરીને બેસતાં
મળસ્કે=સવારે; પરોઢીએ
ધાય=દોડે
વનફળ=વનમાંના ફળ
ઝૂલે=હાલે
ભલી ભાતના=સારી તરેહના
વિધવિધ=જુદી જુદી
દીનાનાથ=ગરીબનોધણી; પરમેશ્વર
મધુરો=મીઠો
ધરી=રાખી
નિર્મળ=ચોકખું; મેલ વગરનું
ઠરે=નિરાંતે બેસે
ભલી ભાતે=સારી રીતે
હઠાવી=હરાવી; હંફાવી
હઠાવી દીએ=હરાવે
મેળવાયછે=પેદા કરાય છે
રાજ અધિકાર=રાજસત્તા
વશ=તાબે
વિપત્તિ=દુઃખ; આફત
વેરાય જાય=જતા રહે
કામધેનુ=ઇચ્છેલું આપનારી ગાય
ચિંતવ્યા=ધાર્યા
અપાર=ઘણોજ
પમાય છે=મેળવાય છે; પેદા કરાય છે

સાર—ઉદ્યોગી માણસને કંઇ પણ અઘરૂં નથી ઉદ્યમ કરવાથી જે જોઇએ તે મળે છે, માટે ઉદ્યમ કરવો.

સમજુતી—ઝાડને છોડવાની ડાળીઓ હાલે છે, અને પવન પાંદડાં હલાવે

છે. શોભાયમાન પક્ષીઓ મધુર ગાયન ગાતા ઊડે છે. (મતલબ કે કલોલ કરે છે) પક્ષીઓ મધુર ગાયન ગાતાં પરમેશ્વરનું ધ્યાન ધરતાં જંગલમાં ચેનબાજી કરતાં અને હંમેશાં ખુશીમાં ફરતાં ટોળામાં હળી-મળીને રહેતાં (એક બીજાને) મનની વાતો કહે છે. સુખીઆ પક્ષી હંમેશાં ઝાડ છોડવાની ડાળીપર ડોળે છે. (૧) કોઇ જંગલમાં ફળ ખાય છે. કોઈ દાણા ખાતા જાય. કોઇ ફૂલમાંનો રસ ચૂસે છે અને કોઇ લીલોતરી ખાય છે. કોઇ લીલોતરી ખાય અને પાણી ઓવારે દોડી જાય, બધાં પક્ષીઓ સાથે નહાય અને પછી પોતાને રસ્તે પાછાં ફરે, સાંજે માળામાં બચ્ચાંને સુખે બેઠેલાં જોઇ સૂએ છે, સવાર થતાં પહેલાં ઉઠીને દોડે છે અને કોઇ જંગલમાં ફળ ખાય છે. (૨) સારી રીતે ઝુલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે તે બધાં પંખીઓ હેતથી ખાય છે. વળી પરમેશ્વરે ખેતરમાં પુરેપુરો પાક આપ્યો છે તે મીઠો માલ મંડયા રહીને ખાય તોપણ ખૂટે નહિ એટલો છે, તે ખાઇને હંમેશાં સંતોષ રાખીને દરરોજ ચોકખું પાણી પીએ છે. અને પોતાને ઠેકાણે આવીને નિરાંતે બેસે છે. ફળો સારી રીતે હાલે છે. (૩)

ઉદ્યમ વિષે.

મહેનતથી માણસ એકલો હોય તોપણ હજારો માણસોને પાછળ પાડે છે, મતલબ કે પોતે આગળ પડે છે. મહેનતથી મરજી મુજબ પૈસા અને અનાજ મેળવી શકાય છે. મહેનતથી રાજાની પદવી લેવી હોય તો તે કાંઇ આઘે નથી મતલબ કે તે પણ મેળવાય છે. મહેનતથી દેવ અને રાક્ષસ તાબે કરી શકાય છે, મહેનતથી આપદાઓ તુરત જતી રહે છે. મહેનતુ માણસો ધૂળમાંથી પણ સોનું શોધી કાઢે છે. અરે બાળકો! તમે મહેનતને ઇચ્છેલું ફળ આપનાર ગાય બરાબર

જાણો. મહેનતથી ધાર્યા મુજબ ઘણો લાભ મેળવાય છે, (૧)

સાર—આળસ છોડી મહેનત કરવી.

પાઠ ૩૨.

સેવા=ચાકરી
બદલામાં=સાટામાં
ભોગવટો=વાપર
વંશપરંપરા=છોકરાંના છોકરાં; પેઢીવર પેઢી
સાંતી=હળ
સાંતીની જમીન=ખેડવા લાયક ભોંય
ઉંચા પ્રકારની=સારો પાક ઉતરે એવી; ફળદ્રુપ; રસાળ
પ્રકાર=વર્ગ; જાત
નાનપણથી=બચપણથી
લાડ=વહાલ
ઉછરેલો=મોટો થએલો
ધ્યાન=ચિત્ત; મન
સાથી=મદદગાર; ખેતીને માટે રાખેલો નોકર
પ્રકાર=રીત
મહેનતુ=ઉદ્યોગી
પુંજ=દોલત
ઉચ્છ્રતા=ચાહતા
અર્થ=મતલબ; સાર
ડહેલી=મોટાદરવાજાવાળા ઘરનું ભોંયતળીઉં
ભરોસો=વિશ્વાસ
મહેનત=મજુરી
મેઘ=મેહ; વરસાદ
નજર=તપાસ; દેખરેખ
ખાતરી=ભરોસો; પતીજ

સાર—આપણા કામનો ભરોસો નોકરપર રાખવો નહિ. પણ નોકરો કામ કરે છે કે નહિ તેનો તપાસ રાખવી

પાઠ ૩૩.

બેનપણી=સહીઅર; સખી
પિડાય=દુઃખી થાય
ગંદું=ગોબરૂં
પગ મૂકવાનું=આવવાનું
મન=ઇચ્છા; મરજી
મંદવાડ=રોગ; બિમારી
ગંદકી=મંદવાડ
મૂળ=બી; બીયાં
નીરોગી=રોગ વગરના
જંતુ=જીવડાં
પાકે છે=પેદા થાય છે
ખુણેખોચરેથી=ખુણા-માથા
વાળી નાંખીએ=સાફ કરીએ
શ્વાસ=દમ
વડે=થી
ખુલ્લાં=ઉઘાડાં
સુધરતી=સ્વચ્છ થતી
નાશ પામે છે=જતા રહેછે
ભિનાશ=ભેજ
ઢોળી=રેડી
મેલું=ગંદું
ટાઢીઓ તાવ=મેલેરીઆ; નઠારી હવાને લીધે જે તાવ આવે છે તે
મરે છે=ઉતરે છે
ઝીણો તાવ=હાડનો તાવ; (એ તાવથી શક્તિ ઘણીજ ઓછી થાય છે)
લકવો=એક જાતનો રોગ (એથી શરીરનો કોઇ ભાગ જુઠો પડી જાયછે)

જાજરૂ=સંડાસ
મોરી=નીક; ગટર
ઝાડીઝુંડી=ઝાડીઝપટી
દુર્ગંધ=ખરાબ વાસ
તદ્દન=બિલકુલ
ખુલ્લી રીતે=સમજ પડે એવી રીતે

સાર—ઘર, વાડા વગેરે દરેક ચીજ ચોકખી રાખવી

પાઠ ૩૪.

ઉંચા=સારા
પ્રાણ=જીવ
વૃદ્ધ=ઘરડાં
પાટવીપુત્ર=મોટો છોકરો
નિશ્ચય=ઠરાવ
સમાચાર=ખબર
અદેખાઇ=ઝેર
ઉથાપશે=લોપશે; ભંગ કરશે; ફેરવશે
સંદેહ=શક; વહેમ
વરદાન=માંગેલું આપવું તે
લેણાં=માગતાં
વનવાસ=જંગલમાં રહેવું તે
હઠ=જીદ; જક;
અણસમજુ=વગર વિચારના; મૂર્ખ
શોક=દીલગીરી
દેહ મૂક્યો=મરણ પામ્યા
ધિક્કાર=તિરસ્કાર
ઠરાવ=નિશ્ચય

સાર—"સોબત તેવી અસર" હંમેશાં સારાની સોબત કરવી. કામ કરતાં પહેલાં શું ફળ આવશે, એ બાબતનો વિચાર કરવો કે જેથી પાછળથી પસ્તાવું પડે નહિ.

પાઠ ૩૫.

ટોળું=જથો
હાથ=બે વેંત જેટલી લંબાઇ
ધરી=પકડી; ઝાલી
સરણાઇ=પીપી
નટ=સ્ત્રી વગેરેનો વેષ લઇ ઘણા ખેલ કરનાર
અંગકસરત=શરીરની કેળવણી
ગુલાંટ=ગોલાંટ
ચક્કરચક્કર=ગોળગોળ
ચમકે છે=ઝળકે છે
ઝબકારા=ચમકારા
શાબાશ=ધન્ય
દરકાર=પરવા
જીવની દરકાર રાખતા નથી=મોતની બીક રાખતા નથી
સ્થિર=હાલ્યા વગર
સફાઇ=ચાલાકી
ખેલ=રમત
ચમત્કારવાળા=અચરત પમાડે એવા
નજરબંધી=જાદુથી જોનારની આંખને ભૂલાવવામાં નાખવી તે
ખુબીદાર=વખાણવા લાયક; ચમત્કારી
કસરત=શરીર કસવું તે
ગુજરાન=ગુજારો; પોષણ

સાર—અંગકસરતથી શરીર કસાય છે. માટે નાનપણથી કસરત

ફરવાની ટેવ રાખવી.

પાઠ ૩૬.

ગ્રીષ્મ ઋતુ=વૈશાખ અને જેઠ મહીનો; ઉનાળો
મહિમાય=મોટાઇ
નીરખી=જોઇ
શીતળ=ઠંડી
કોકિલા=કોયલ
ટહુકા=કાલાકાલા બોલ
ધરની=જમીન
તપતી=ગરમ થતી
સુગંધી=સારી વાસ
મોર=આંબા આમલીના ફૂલ
વસંત=વસંત ઋતુ; જુલાઇ અને આગષ્ટ માસ
ભમતી=રખડતી
ફળી=પાકી
લલચાય=શોભાય
જનો=માણસો
લહી=જોઇ
ભલી=સારી
ભલી લીલી=લીલીછમ

અતિ=ઘણો
શાખ=ઝાડપર પાકેલી કેરી
રસદાર=રસવાળી
સુકેસરી=સારા કેસરીઆ રંગની
ચિત્ત=મન
હરતી=ખેંચતી
ઠરતી=રહેતી
દીલમાં ઠરતી=યાદ રહેતી
પ્રવેશ કરીને=આવીને
ઉકળાટ=ગભરામણ
ધરે છે=કરે છે
વનેવન=જંગલે જંગલ
આમ્ર=કેરી
આમ્રતરુ=આંબો
વાસ કરું છું=રહું છું
ચિત્ત હરું છું=મન ખેંચું છું
શ્યામ=કાળા
પરખાઉં=ઓળખાઉં
કોમળ=નાજુક
કંઠ=સાદ; સૂર

સંગીત=ગાયન
સૂર=અવાજ
ગજાવું=ગજવી મૂકું
રૂપેરી=રૂપાના જેવો સફેદ
દીપે=શોભે
મધુર=સારો
કળી=ખીલ્યા વગરતું ફૂલ
ફુલેલ=ખીલેલી
વેલમાં=વેલામાં
અંગમાં=શરીરમાં
અનેક=ઘણી
પાંખડી=ફૂલની પાંદડી
પ્રસારી=ફેલાવી
ઝારીરૂપ=ઝારીના જેવો
ગ્રીષ્મનો બાળ=ગ્રીષ્મની શરૂઆત
કોકિલ=મધુર
ભારી=ઘણો
બટમોગરો=એક જાતનો સુગંધીદાર મોટો મોગરો
રસીલી=મજા આપનારી

સમજુતી–પરમેશ્વરની મોટાઇ અમે ગ્રીષ્મઋતુમાં જોઇ લીધી. ઝાડની ઠંડી છાયામાં ફૂલ ફળને ખુશીથી હાલતાં જોયાં. (૧) કોયલ મીઠા સ્વરથી બોલતી હતી, તેથી આ આંબાનું ઝાડ સારૂં દેખાય છે. જેમ જમીન (સુરજની ગરમીથી) ગરમ થતી જાય છે તેમ મોગરો (પોતાની) સારી વાસ ફેલાવે છે. (૨) **આંબો**—જંગલમાં અને ઝાડોમાં રમતી અને ખૂશ થતી વસંત ઋતુ મને (આંબાને) મોર આપીને રખડતી રખડતી ગઇ. પછી ગરમીની ઋતુ થઇ એટલે આંબાપર બહુ સારી કેરી આવી, તેને સારી લીલીછમ જોઇને માણસો તે લેવાને લોભાય છે. (૧) એ ઋતુમાં ઘણો તાપ પડે છે, તેથી કેરીઓ ઝાડપર પાકીને ખરી પડે તે પછી રસદાર થઇ ને સારો કેસરીઆ રંગ ધરે છે. તે (કેરી) રસથી દુનિયાના લોકોનું મન પોતાની તરફ ખેંચતી તેથી કેરીની મજા મનમાં રહેતી. (૨) **કોયલ**—જુઓ આ ગરમીની ઋતુમાં ધામ ઘણો થાય છે. તેથી પક્ષી ઊડીને જંગલે જંગલ ફરે છે. હું (કોયલ) ટહુકાથી માણસનું મન મારા તરફ ખેંચું છું. મારૂં રહેઠાણુ આંબાના ઝાડપર છે. (૧) હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉં છું અને મારા મધુરા સાદ વડે વખણાઉં છું. (હું માણસોને) ગાયનના સૂર સમજાવું છું અને મનને મોહ પમાડે એવો બાગ ઘણો ગજાવી મૂકું છુ. (૨) **મોગરો**—જુઓ આ બાગ સફેદ મોગરાના ફૂલથી રૂપેરી હોય એવો શોભે છે. વેલાઓમાં ખીલેલી કળીઓ છે તેથી શરીરમાં સારી વાસ ભરાય છે. હું ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો બન્યો છું બધા લોકોએ મને ગ્રીષ્મનો ખીલેલો બાળક ગણ્યો છે.

આંબો, કોયલ અને મોગરો એક હારમાં ગાય છે.

આંબો—કેરી રસદાર હોય તેજ સારી.

કોયલ—હું ઝીણા સ્વરને લીધે ઘણી વખણાઉં છું.

મોગરો—બટ મોગરાની મીઠી સુગંધ છે.

બધાં કહે છે અમે સારી અને શોભીતી ગ્રીષ્મ ઋતુ જાણી.

પાઠ ૩૭.

ઉપજાવે=પેદા કરે

મડમ=ગોરા લોકની સ્ત્રી

પાદરી=ખ્રિસ્તી ધર્મનો બોધ કરનાર

બોધ=ઉપદેશ

દેવળ=દહેરું

કુશળ=હોશિયાર

શરૂ કર્યું=આરંભ્યું

કાટખુણો=બાંધકામમાં ઉપયોગી લાકડાનું કે લોઢાનું એક ઓજાર (એના ઘાટ કાટખુણા જેવો હોય છે માટ કાટખુણો કહેવાય છે)

વખત ન લગાડ=ઢીલ નાહ કર

ઓજારો=હાથવારો

ભીલ=જંગલમા રહેનારી અનાર્ય જાત

પોકારવા=બૂમ પાડવા

સાર-અભણ માણસ ભણેલાને જાદુગર જેવો સમજે છે. તેથી હમેશાં તેને તાબે રહે છે; માટે દરેક માણસે વિદ્યા મેળવવાને પ્રયત્ન કરવો.

ભાગ ૨.

પાઠ ૩૮.

ભાટ=કવિતા બનાવી ખરા ખોટા વખાણ કરનારી એક જાત

બહાદુરી=પરાક્રમ

પારડી=સુરત જિલ્લામાં કસ્બો છે.

વલસાડ=સુરત જિલ્લામાં કસ્બો છે

ઓળંગી=વટાવી

વહેણ=પાણીનું વહેવું તે; પ્રવાહ

ખંડેર=ભાગેલી ઇમારતો

હજી=હાલ સુધી

ટોચ=ઉપલોભાગ;મથાળુ

સપાટ=સરખી

શિખર=ટોચ

મુશ્કેલ=અઘરૂં

ચઢાવ સીધો હતો=ચઢવાનું સીધું હતું

કુંડ=છોથી બાંધેલો ઝરો

બુરજ=કિલ્લાનો ઉંચો ગોળ પહોળો ભાગ

પ્રવાહ=રેલો; વહેણ

તળેટી=પર્વતના મૂળ આગળની જગા

ખીણ=બે પહાડ વચ્ચેની જગા

હાર=ઓળ

પગથી=પગે ચાલતાં પડેલો રસ્તો

રમણીય=મનોહર; સુંદર

સપાટાબંધ=જલદી

નકશો=ગામ, દેશ કે શહેરનો ચિત્રેલો નમુનો

આકૃતિ=ઘાટ; આકાર
નમુના=નકલ

સાર—અવલોકન કરવું અને પછી તેવો ઘાટ બનાવવો કે જેથી જોએલું બરાબર ધ્યાનમાં રહે.

પાઠ ૩૯

બોડા=ઝાડપાન વગરના
ભેખડો=પત્થર કે માટીના મોટા ટેકરા
દેવસ્થાન=દહેરૂં; દેવળ
સારી=ફળદ્રુપ; રસાળ
દેવકી ઉનાઇ=સુરત જિલ્લામાં વાંસદાની પાસે ઉના પાણીનો કુંડ છે તે ગામ
પીગળેલો=ગરમીથી પ્રવાહીરૂપ થએલો
પડ=પોપડો
ઉપસી=ફુલી; ઉંચી થઇ
ઉપસેલો=ઉંચો આવેલો
ઉપયોગી=જરૂરતું

સાર—આ પાઠથી કુદરતનું ભાન થાય છે.

પાઠ ૪૦.

ફરફર=બારીક ટીપાં; બુંદ
મેળાપ=મુલાકાત
વહેળો=નાની નદી
ધોધ=ઉંચેથી જોસબંધ પડતું પાણી
શક્તિ=બળ
પચી જાય છે=નીચે ઉતરી જાય છે; સમાઇ જાય છે
બડક=પાણીમાંના ટેકરા
ઘસડી=તાણી
બેટ=ચારે બાજુ પાણી ને વચમાં જમીન હોય
મુખ=નદી દરીઆને મળે છે તે જગા
સરિતા=નદી
તરૂ=ઝાડ; વૃક્ષ
નીરે=જળથી
તીરે=કાંઠે
ચિત્રવિચિત્ર=જાતજાતના; તરેહ તરેહના
કિનારે=કાંઠે
ચરતાં=ઘાસ ખાતાં
નિશ્ચય=નક્કી
પિછાણીએ=સમજીએ
ચમકારા=ઝબકારા

સમજુતી—સ્વચ્છ પાણીથી ભરેલી સારી નદી જુઓ, તેને કાંઠે નાનાં મોટા ઝાડો ઊગેલાં છે એમાં જુદાં જુદાં રંગનાં માછલાં મજા કરતાં અને કિનારાપર લીલુંછમ જેવું ઘાસ પશુઓ ચરતાં જણાય છે. બધા શહેરનો દેખાવ નક્કી નદીથીજ સમજવો, નદીથી નહાવાનું ધોવાનું, પાણી પીવાનું મોટું સુખ સમજવું.

પાઠ ૪૧.

ખલાસી=વહાણ હાંકવાનો ધંધો કરનાર
બહોળો=ઘણો મોટો
ખાર=ખારો
ભરતીઓટ=નદી ખાડી

કે દરીઆમાંના પાણીનું ચઢવું તે ભરતી, ને ઉતરી જવું તે ઓટ

મોજાં=છોળો

કોડીઓ, શંખલા, છીપો = દરીઆઇ પ્રાણીઓને રહેવાનાં ઘર

પાઠ ૪૨.

હજીરો=તાપી નદીના મુખ આગળ હવા ખાવાની જગા છે

મછવો=નાની હોડી

ભૂગોળ=પૃથ્વીનો ગોળો

ટંડેલ=વહાણ ચલાવનારો મુખ્ય ખલાસી; સરંગ

માહીતી=ખબર

ભૂગોળવિદ્યા=પૃથ્વીના ગોળા વિષેની વિદ્યા

પુરતી=જોઇએ તેવી

મગીઆ=મગ જેટલી નાની

નિશાન=એંધાણી

ભૂશિર=જમીનની અણી લાંબી વધીને દરીઆમાં ગએલી હોય તે

ઘુસે છે=પેસે છે

અખાત=સમુદ્રનો ફાંટો લાંબો વધીને જમીનમાં ગએલો હોય તે

ઉપસાગર=પહોળા મોંનો અખાત

કાંપ=પાણીમાં ઘસડાઇ આવેલો કાદવકચરો; ચરુ

બાઝે છે=ઠરે છે

દ્વીપકલ્પ=જેની ત્રણે બાજુએ પાણી ને એક બાજુ જમીન હોય તે

ક્રિયા=કામ

સામુદ્રધુની=બે મોટા પાણીના ભાગને સાંધનારો પાણીનો નાનો ભાગ

પાઠ ૪૩.

કારીગર=સુથાર; લુહાર, કુંભાર, વણકર વગેરે કામ કરનાર

દેશાઇ=જાગીરદાર; વતનવાળો

વસવાયાં=સુથાર; લુહાર વગેરે ગામની વસ્તીનું કામ કરનાર લોક

આરા=પૈડાની વચમાંના ફરતાં લાકડાના કકડા

વાંસલો=સુથારનું લાકડા ઘડવાનું ઓજાર

ટકાઉ=મજબુત

ધમણ=વા ફુંકવાનો સંચો

તણખા=સળગતી ચણગારી

ચોપાસ=ચારે બાજુ

વાટ=પૈડાપર ચઢાવેલો લોખંડનો પાટો

સજજડ=સખત

ચાકડો=લાકડાના પૈડા જેવું કુંભારનું ઓજાર

લોંદા=લચકા

કોસ=ગાઉ

ફાળકો=લાકડીના જે ઘાટપર કાંતેલું સુતર વિટાળવામાં આવે છે તે

તાંતણા=તાર

તાણાવાણા=વણવાની

સાળપર જે ઉભા દોરા
રાખવામાં આવે છે
તે તાણો, અને આડા
દોરા રાખવામાં આવે
છે તે વાણો
ખાદી=દોટી
ખોળીકું=ગોદડાનું કપડું
જાજમ=પાથરવાનું રંગી-
ત બિછાનું

પાઠ ૪૪.

ગામ=જેમાં થોડાં ફળીઆં
ને થોડાં ઘર હોય તે
શહેર=જેમાં છોબંધ ને
હારબંધ ઘર હોય અને
સારાંસારાં બજાર હોય તે
છુટ્ટી=રજા
ગિલ્લીદંડા=મોઈ દંડો
દંડો=ગિલ્લી ઉડાવવાની
એક હાથની લાકડી
તાલુકો=પરગણું
વળવાનો=ફરવાનો
દહાડો વળવાનો=ફાયદો
થવાનો
રેળા=કબરો ઉપર બાં-
ધેલાં મકાન
મસીદ=નિમાજ પઢવાનું
ઠેકાણું
કોતરકામ=પત્થર કે લાક-
ડામાં કોતરેલું ચિત્રકામ
ટપાલ ઑફિસ=પોષ્ટ
ઑફિસ
બજાર=હાટ
કારીગરી=કીસબ; બ-
નાવટ; હુન્નર
વરાળયંત્ર=વરાળના જો-
રથી ચાલતો સંચો

પાઠ ૪૫.

મુખી=તલાટી
કચેરી=ઑફિસ
તગાવી=સરકારે ખેડુતને
વ્યાજે ધીરેલાં નાણાં
મહેસુલ=જમીન ખેડવા
બદલ સરકારને ભરવાના
રૂપીઆ; જમીન વેરો
હદ=સીમા; મર્યાદા
ફેરણી કારકુન=તાલુકાના
ગામોની સીમમાં ફર-
નાર કારકુન
હવાડો=કુવા નજીક ઢો-
રને પાણી પીવાને માટે
બાંધેલો કુંડ
દુરસ્ત કરાવવું=ભાંગેલું
સમરાવવું
ઓવરસીયર=બાંધકામ
ખાતાનો અમલદાર
ફોજદાર=તાલુકાના પો-
લીસનો ઉપરી
મુકદમો=કેસ
સાક્ષી=જુબાની
અવ્વલકારકુન=મામલ-
તદારના હાથ નીચેનો
પહેલો કારકુન. થર્ડ
કલાસ માજીસ્ટ્રેટ
જમાદાર=બેત્રણ ગેટનો
ઉપરી
ખૂટતા=જોઇતા
રજુ=હાજર
સખ્તી=જોર જુલમ
પગાર=દરમાયો
નાયક=સિપાઇની ટોળીનો
ઉપરી
તિજોરર=તિજોરીનો

ઉપરી
રસીદ=પહોંચ; પાવતી
કોથળી=થેલી
કારકુન=લખવાનું કામ કરનાર
ખત=દસ્તાવેજ; લેખ
હવાલદાર=પોલીસ પટેલના હાથ નીચેનો હલકા પગારનો સિપાઈ
નોંધવાનું=લખવાનું
દવાખાનું=ઇસ્પિતાલ
છરી=શીતળા કાઢવાનું ઓજાર
શીતળા=સૈયડ કાકા, બળીઆ
કોચતો=કાણું પાડી ચેપ મૂકતો
ચેપ=પરું; રસી

પાઠ ૪૬.

તાલુકો=ઘણાં ગામ મળીને થયેલો ભાગ
જિલ્લો=ઘણા તાલુકા મળી થયેલો કલેકટરના તાબાનો મુલક
વિભાગ=ભાગનો ભાગ
કમિશનર=વિભાગનો ઉપરી
કલેકટર=જિલ્લાનો મુખ્ય ઉપરી; જિલ્લાનો સુબો
મુલતવી રાખવું=થોડા વખત સુધી નહિ વસુલ કરવું તે
અમલદારો=અધિકારીઓ
સુખાકારી=આરોગ્યતા
દેખરેખ=તપાસ
ઇજનેર=બાંધકામ ખાતાનો વડો અધિકારી
ઇન્સ્પેકટર=તપાસણી કરનાર અમલદાર
વહીવટ=કારભાર
મામલતદાર=તાલુકાની જમાબંધી વસુલ કરનાર અમલદાર
લેણદેણ=લેવું દેવું
મુન્સફ=સબજજ

પાઠ ૪૭.

બીના=બાબત; હકીકત
રેલ=પૂર
તીડ=અનાજ ખાઇ જનાર એક જાતનું પક્ષી
પાક=મોલ
બંદુક=પીસ્તોલ જેવું હથિયાર
પરવાનગી=છુટ; રજા
આશા=ઉમેદ
ભલામણ=સિફારસ
છુટ=રજા; પરવાનગી
હાલ=હમણાં
ડેપ્યુટી=મદદનીશ
કન્યાશાળા=છોકરીઓની નિશાળ
પરીક્ષા=તપાસ
શોધવા=તજવીજ કરવા
નાલાયક=નહિ ચાલે એવો
નિરાશ=નાઉમેદ
ખુન=મારી નાખવું તે; ઘાત
જુબાની=સાક્ષીએ કહેલા બોલ

ભાગ ૩.

પાઠ ૪૮.

નાળું=પાણી જવાનું

ગરનાળું

મૂળ=નદી જે ઠેકાણેથી નીકળે છે તે જગા

ડહોળું=કાદવવાળું

ચિકાર=બેઉ કાંઠે ભરપુર

ઝરણું=જમીનમાંથી ફુટતી પાણીની સેરો

બરફ=ટાઢથી ઠરી ગયેલું પાણી

ઠરી=જામી; બંધાઇ

થીજીને=ઠરીને

ઘટ=જાડો

કરચો=ઝીણા કટકા

હિમ=ઠાર

બાફ=વરાળ

કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ

ટીપાં=ફોરાં

ઝાકળ=ઠંડીના જોરથી પડતુ પાણી; હીમ

અટકીએ=થોભીએ

પાઠ ૪૯.

દેવતા=અગ્નિ

ફૂંકણી=દેવતા ફૂંકવાની વાંસની ભુંગળી

વા નાખીએ=વીંઝીએ

ગતિ=હીલચાલ

મીણબત્તી=મીણ સાથની વાટ

અંગારા=સળગતા કોયલા

તાજી=ચોકખી

ઠરી જાય=હોલવાઇ જાય

ગુંગળાઇ=રૂંધાઇ

જોત=બળતું; ભડકો

દવ=જંગલમાં લાગેલી આગ

પાઠ ૫૦.

મિઠાઇ=ગળ્યા પદાથ

કંટાળનો=કાયર થનો

પુષ્કળ=ઘણું

મીઠું=લૂણ; નીમક

મોળી=ફીકકી

બેસ્વાદ=સ્વાદ વગરની

સ્વચ્છ=ચોકખું

આરીઆ=ચીભડાના કકડાને મીઠાના પાણીમાં બોળી સુકવી બનાવેલા તે

જીવ=જીવાત

તાજા=તરતના

અગર=મીઠું પાકે તે જગા

જુઆળ=પાણીનુ ચઢવું; ભરતી

કણી=રજકણ

સાંભરી લઇ=ઉસરડી લઇ; એકઠી કરી

ઢગલા=ઢગ

તરી આવે છે=ઉપર આવે છે.

સિંધવ=મીઠાની એક જાત

જથાબંધ=ઘણું જ

દેશાવર=પરદેશ

સાર–માણસને પહેલે નંબરે હવાની; બીજે નંબરે પાણીની, ત્રીજે નંબરે ખોરાકની, અને ચોથે નંબરે મીઠાની જરૂર છે. મીઠું સ્વાદમાં ખારૂં છે છતાં મીઠું કહેવાનું કારણ એ કે તે ખોરાકને સ્વાદવાળો બનાવે છે.

પાઠ ૫૧.

ગંધક=પીળા રંગની ઝટ ભાંગી જાય એવી વસ્તુ
મતલબ=ઇચ્છા
ખાસ=ખસુસ; જરૂર
બરડ=ઝટ ભાંગે એવી
ચુરેચુરા=ભુકેભુકા
મૂળરંગ=પ્રથમનો રંગ
આંચ=ઝાળ
ધરી=પકડી
ભડકો=બળતું
વિસ્મય=નવાઇ
ગજરો=ફૂલનો માથામાં ઘાલવાનો તોરો
ઝાળ=આંચ
ઝાંખું=ફીકું; તેજ વગરનું
ઉડાવવા=બદલવા

સાર-ગંધકમાં રંગ ઉડાવવાનો ખાસ ગુણ છે.

પાઠ ૫૨.

શોખ=મરજી; ઇચ્છા
અફાળી=પટકી; પછાડી
ખરબચડી=ખાડા ખોચીઆં વાળી
ફટકડી=એક જાતની તુરા સ્વાદની વસ્તુ
બાજુ=પાસા
પાસા=કોરણો
પહેલદાર=પહેલવાળી; પાસાવાળી
હાર=કંઠો
કીમતી=મૂલ્યવાન
અકીક=રંગીન ચળકતા પત્થરની એક જાત
ઝવેરાત=હીરા માણેક વગેરે રત્ન
ઝુમ્મર=કાચનું કે ધાતુનું ઝાડ

પાઠ ૫૩.

કોદાળી=જમીન ખોદવાનું ઓજાર
સમી=દુરસ્ત
ભઠ્ઠી=ધાતુ પીગાળવાનો ચુલો
પાનું=ફળ
એરણ=લુહાર સોની વગેરે જેનાપર મૂકી ટીપે છે તે ઓજાર
ટીપીને=ઘડીને
સીધું=પાંસરૂં
નળીઓ=ભુંગળીઓ
રવેશ=માળનો ઝુલતો ભાગ; ગોખ
ખોંટીઓ=ખુંટીઓ
ઘા કર=ટીપ
પોલાદ=ખરૂં લોઢું
કરવત=લાકડા વહેરવાનું હથિઆર
ચપ્પુ=ધારદાર છરી
સ્ક્રૂ=પેચવાળો ખીલો
કાનસ=રેતરડી
ઘડતર=ઘડીને બનાવેલું
નક્કર=સંગીન
પાધરૂ=બહારોબહાર

પાઠ ૫૪.

ઇંદ્રિય=શરીરના જે ભાગ વડે કામ અથવા ભાન થાય છે તે. (જેમ કે આંખ, કાન, નાક. જીભ. ચામડી, હાથ, પગ, મોં, ગુદા, ઉપસ્થ)

મુખ્ય=મોટા
અંગ=ભાગ; અવયવ
સોપારીનાં ઝાડ=સોપારણ
ચોંટી=વળગી, બાઝી
અગત્ય=જરૂર
છિદ્રો=કાણાં
શોષી=ચૂસી
એકાદું=એક
ખ્યાલ=અટકળ; ધારણા
બારીક=સૂક્ષ્મ; ઝીણાં
ઝાટકીએ=ઉપણીએ

સાર–ઝાડના મુખ્ય છ અંગ છે મૂળ, થડ, પાંદડાં, ફૂલ, ફળ, બી. પહેલાં ત્રણ ઝાડને જીવાડનાર અંગો છે.

પાઠ ૫૫.

સીસાપેન=પેનસીલ
ઘટ=ઘાડું
ચીકણું=ચિકાશવાળું
છેદ=કાણું; વેહ
ઝરપે છે=ધીરે ધીરે વહે છે
આરપાર=આ બાજુથી પેલી બાજુ
તાડી=ખાટો નીરો; ખજુરી કે તાડનો રસ
નીરો=ખજુરી વગેરેનો તરતનો ઝરેલો રસ
ખરસાણી=થુવેરની એક જાત
થોર=થુવેરીઓ; કાંટાનું ઝાડ
ગુંદર=ઝાડનો ચીકણો રસ
આંકડો=એક જાતનું ઝાડ(એના ફૂલ હનુમાનને ચઢે છે)
ઉપવાસ=ભૂખ્યા રહેવું તે
સાબુચોખા=વાંસીઆં ચોખા
છાલ=છોડા; ચામડી
રેસા=તંતુ; તાર
ડહોળી=વલોવી
ગળણી=ગાળવાનું ઝીણાં કાણાંવાળું વાસણ
હલકા=જલદી પચે એવા

પાઠ ૫૬.

શુમારે=આસરે
ડુંડી=નાનું ડુંડું
ઉંબી=ઘઉંની કંઠી
સુખળાં=ડુંડાં કે કંઠીની બાજુએ સોયા જેવું હોય છે તે
ખાંચ=ખોભણ
મુલક=દેશ
દાકદખાની=પીળા પોચા
વાજીઓ=ઝીણા કાળાશ પડતા
પોટા=ધોળો ફુમસો
ફુમસો=ફુંકો પણ ભરાઉ
ફાડ=ભાગ
પુષ્ટિકારક=જોર આપનાર
બરછટ=કઠણ ને ખરબચડું લાગે એવું
થુલું=ભુસું; ચાળણ
બાફે=ગરમ પાણીમાં પકવે
હવાલો=તારની ચાળણી
ઝાટકીએ=ઉપણીએ
ચાળણ=ચાળતા બાકી રહેલો ભાગ; થુલું
રવો=ઝીણો દાણાદાર લોટ

આથો=ચઢીને ખાટું થએલું ખીરું
લોપડી=પટ્ટી
જખમ=ઘા
પોટીસ=ગુમડાં વગેરે દરદ પકવવા માટે ઘઉં અળસી વગેરેના લોટની બાફીને લુગદી કરવામાં આવે છે તે

સાર—અનાજની પરીક્ષા તથા તેનો ઉપયોગ સમજાય છે.

પાઠ ૫૭.

બગીચો=બાગ
દાંડી=વચલી નસ
ઘોકડો=જથો; જુડો
ચૂંટી=તોડી
સાંકડું=નાનું
ગંજીફો=રમવાના પાનાં
મારફે=કેડે
કમળ=તળાવમાં થતું એક જાતનું ફૂલ
અળવી=અળુના પાંતરાં
જથાબંધ=સામટું
કુંવાર=કુંવારનો છોડ
દાંતા=અણીવાળી કોર
અગથીઓ=અગથીઆનું ઝાડ
ગુલમોર=એક જાતનું ફૂલના ઝાડ
કળી=વગર ખીલેલું ફૂલ

પાઠ ૫૮

જીવજંતુ=નાનાં જીવડાં
પતંગીઉં=એક જાતની સુંદર પાંખવાળો કીડો
જઠર=ખાધેલું પચાવવાની કોથળી
પારખ્યું=જાણ્યું
ખૂબસુરત=દેખાવડી
બીલકુલ=સમુળગી
માદા=પશુ પક્ષીમાં સ્ત્રી જાત હોય તે
પાંખ=પર
વૈતરી=વેઠ કરનારી
અવસ્થા=દશા; હાલત
બદલવી=ફેરફાર કરવી
ઇયળ=પેટે ચાલનાર કીડા
કોશેટા=લાંબી ગોળ દડી
નિરાંતવાળી=નચિંત થઇ
અવતાર=એકરૂપ બદલી બીજા રૂપમાં આવવું તે
પુડા=મધમાખીનું ઘર
હુમલો=હલ્લો
કુટુંબ=વંશ; ઓલાદ
વંદા=વાંદા

પાઠ ૫૯

ભાગોળ=શહેર કે ગામમાં પેસવાનો દરવાજો
ઘોળાયા કરતો=વારંવાર આવતો
ભાથું=મુસાફરીનું ખાવાનું
સમડી=કાગડાના આકારનું મોટું પ્રાણી
તીર=સામટું
ધસારાબંધ=ઝડપથી
નજર=નીચા
નહોર=તીણા નખ
ચીરે=ફાડે
કરંડી=સુકાએલા છોડની ડાંખળી; રાડા
સરી=લપસી

અંધારાં=ચક્કરફેર; તંમર
ગીધ=ફાડી ખાનારૂં મોટું
પક્ષી
ઢોળાવ=ઢાળ
ગરદન=ડોક
ખાઉધરા=ખાતાં ધરાય
નહિ એવા
ગળે છે=ઉતારી દે છે
કોહેલું=સડેલું
કમકમાટ=ચીતળી

સાર–ઇશ્વરે જે પ્રાણીઓ બનાવ્યા તે આપણા સુખને માટેજ બનાવ્યાં છે; માટે પરમેશ્વરનો પાડ માનવો.

પાઠ ૬૦

ઠેકડા=કૂદકા
દોડાદોડ=નાસાનાસ
ભપકાદાર=શોભિતા
સુંદર=ખૂબસુરત
વલવલાટ=કરીને નહિ
બેસવું તે; વલોપાત
રમુજ=આનંદ
બદન=શરીર; અંગ
પીઠ=બરડે; વાંસે
ગુચ્છવાળી=ઝુમખા જેવા
વાળવાળી
છોડાં=છોતરાં
ગર=માવો
કુમળી=નરમાશવાળી
કુંપળ=ફણગો; અંકુર
કાતરી=કાપી
રાક્ષી=બને બાજુપર
અકેકો અણીદાર દાંત
હોય છે તે
રુવાંટી=ઝીણા વાળ
ચપળ=ચાલાક
અવાજ=સાદ
ઘાતકી=ખુની
દુશ્મન=શત્રુ
બચાવ=રક્ષણ
પોલાણ=પોકળ ભાગ
ઝુમખો=જથો
છત=છાજ
બીકણ=બીએ એવું
નજરે પડતું=દેખાતું
ખાસ કરીને=ઘણું કરીને
દૂરનું દૂર=આઘે
તેજ=ચાલાક
કૌવતવાળા=મજબુત;
જોરવાળા
ઉપરાઉપરી=એક પછી
એક
ફાળ=કુદકો; છલંગ
ઘટ=ઝાડી
રતુમડો=રતાશ પડતો
કલા=પુળા
રહેઠાણ=વાસ; રહેવાનું
ઠેકાણું; મુકામ [વખત
સમીસાંજ=દીવાબત્તીનો

પાઠ ૬૧

પુછડીહલાવતો=ખૂશથતો
ફરી વળ્યા=વીંટળાયા
સરત=હાર; જીત
ખંખેરી=ઝાટકી
હટે=દૂર જાય; ખસે
લટકતી=લબડતી
લાળ=ચીકણું થુંક
પંજા=પાંચ આંગળાં ને
હથેલી જેટલો કાંડા લગીનો ભાગ
ગબડી=દોટ

ભરોસાદાર=વિશ્વાસુ
મમતાળુ=માયાળુ
તાબેદાર=તાબે રહેનાર
પત કરતી=લેખતી
માન=આબરૂ; મોટાઇ
ભાવ=પ્યાર; હેત

પાઠ ૬૨.

સવાલ=પ્રશ્ન
ટટાર=સીધા
અણી પડતાં=અણીવાળા
દેખાવ=શોભા; ભરાવ
બરછટ=કરકરા
બગાસું ખાય છે=આળસ
 દૂર કરે છે
ડાચું=જડબું
જોરાવર=બળવાન
નળો=ઘુંટણથી પાટથી
 સુધીનો પગનો ભાગ
વિકરાળ=બિહામણું;
 ડરામણું
છાતીવાળું=હિંમતવાન
ઘુમસો=ધસારો
ટુકડી=ટોળી
બદામીઉં=બદામના રંગ
 જેવું
ભુરાશ પડતી=ભુરાશપર
પાદર=ગામના ઝાંપા બ-
 હારની જગા
કીકિઆરી=ચીસ
પકડું=પહોંચેલું; પેક
ખાંધું=લુચ્ચું
ભમે=ભટકે; રવડે
ભારો=ગુચ્છો
ખોળ=શોધ; તપાસ
દરાખ જેવાં=ગળ્યાં; મીઠાં
વાઢ=શેરડીનું ખેતર

પાઠ ૬૩.

ઘુરકવા=ડોળા કાઢવા
ખાતર=માટે; વાસ્તે
પજવો છો=હેરાન કરો છો
કોઠી=નાનો કોઠાર
નુકસાન=બગાડ
કીકી=આંખના ડોળાની
 વચ્ચેનો ગોળ કાળોભાગ
સહેલાઇથી=થોડીમહેનતે
ઝાંખા=થોડા
શોભા=દેખાવ
સાન=સમજ
બખર=જાણ
ઘોર=ઘણું બિહામણું
મ્યાન=તરવારનું ઘર
ચીરૂં=ફાડું
કરકરી=ખરબચડી
છોલી=ફોતરાં કાઢી
ઉપયોગીપણું=જરૂરિ-
 આત
મહેરબાની=દયા
ગુણ=પાડ
કાસળ કાઢવું=જડ મૂ-
 ળથી નાશ કરવો

પાઠ ૬૪.

સિંહણ=સિંહની માદા
અજાયબ=નવાઇ
ધ્યાન=ચિત્ત
અગ્નિ=દેવતા
યાળ=કેશવાળી; ઘોડા કે
 સિંહની ડોક પરના વાળ
ડેલણ=હડસેલી શકાયતેવી
ઘુઘવાટા=ઘૂ ઘૂ કરતો
 અવાજ
ગર્જના=સિંહનું બરા-
 ડવું તે

ધ્રુજતાં=કાંપતાં
ભયંકર=બિહામણા
વાઘણ=વાઘની માદા
ગોસ=માંસ
ચળકે=ઝળકે
ભો=બીક
ઠેકાણું=નિયમ
ચાખેલ=સ્વાદીઓ
વસ્તી=વાસો; રહેઠાણ
ચાંઠા=ડાઘા
દીપડો=વાઘની જાતનું પ્રાણી
આંતરે=ઘેરે; કબજે કરે
હેરાન=દુ:ખી

પાઠ ૬૫.

ગોકળગાય=પરમેશ્વરની ગાય
કરોડ=વાંસાની વચમાંનું ઉભું હાડકું
દવાખાના=ઇસ્પિતાલ; દવાખાનું
હાડપિંજર=હાડકાનું ખોખું
દિવાલ=ભીંત; કરો
ટાંગ્યું=લટકાવ્યું
બિઆમણું=ડરામણું
ગરદન=બોચી
પાંસળી=પાંસા પરની હાડકી
બેડોળ=કદરૂપું
ભરાઉ=ભરેલું
બેશક=નક્કી; ખચીત
કૌવત=જોર; બળ
અવયવો=ભાગો
ખોપરી=મગજનો દાબડો
મગજ=ખોપરી માંહેનો નરમ ભાગ
ફેફસાં=દમ ભરવાની કોથળી
હૃદય=લોહીની ટાંકી
થાપો=કુલાની પાસેનો જાંગનો ભાગ
ફુકકો=દમ ભરવાની કોથળી
સંરક્ષણ=સારી સંભાળ
રેસા=તાર; તાંતણા
સંકડાય=સંકોચાય
ગોટલો બાઝે છે=એક ઠેકાણે એકઠો થાય છે.

સવાલ ૧) માંસપેસી શેના બનેલી છે? સ. ૨) હાડકાંની જરૂર શા માટે છે? સ. ૩) લોહીમાં કયો ગુણ છે કે જેથી તે લાંબા ટુંકા થઇ શકે છે? સ. ૪) શરીરમાં કેટલાં હાડકાં છે ?

પાઠ ૬૬.

કુદરતી=માણસનું કરેલું નહિ તે; ઇશ્વરનું બનાવેલું તે
ઢાંકણ=કવર; પડ
ચામડી=ત્વચા
સુંવાળી=લીસી
ઢીમું=ઢીમણું
રક્ષણ=સંભાળ; બચાવ
ગોડ=રસવિકારની ગાંઠ
ઉપસી=ઉંચી આવી
પડ=પોપડો
ખરી પડે છે=જતી રહે છે; નીકળી જાય છે
રૂઝાતા જાય=રૂઝ આવતી

જાય
દરદ=દુઃખ
નિશાની=એંધાણી
લટું=જબરી
આળુ=જરા અડકયાથી
પણ દુઃખાય તેવું
ભોકે=ઘોંચે; ધાશે
ખાલ=ચામડી; ત્વચા
અડકે=છેડે
ખમાતું=સહન થતું
ઓસીકું=નાનો તકીઓ
દાખલો=ઉદાહરણ
ખોળીઉં=ઉપલું પડ
હેઠલું=નીચેનું
ગલેફ=ઓસીકાં કે ગોદડાંને ચઢાવેલાં પડ
સુક્ષ્મદર્શક=નાનીચીજને મોટી દેખાડનાર
અસંખ્ય=અગણિત; ઘણુંજ
રેખા=કાપા
મરમ=હુંફાળું
ગેંડા=ગેંડાનો નર

સ. ૧) શરીરનું ઢાંકણું કયું? સ. ૨) ચામડીનો ઉપયોગ કહો. સ. ૩) ચામડીમાં કેટલા પડ છે? સ. ૪) એ પડનો ઉપયોગ સમજાવો. સ. ૫) કઇ જગાની ચામડી જાડી હોય છે? સ. ૬) એક દાખલો આપી ચામડીની રચના સમજાવો. સ. ૭) જેના શરીર પર વાળ વધારે હોય તેની ચામડી કેવી હોય છે?

પાઠ ૬૭.

સુરત=તાપી નદીને ડાબે કાંઠે શહેર છે.
ટકોરો=આંગળી વાળી નખથી ઠોકવું તે
તળીઉં=નીચેનો ભાગ
ખાસું=મજાનું; સારૂં
કમાવેલું=પકવેલું
તરડે=તરડ પડે; ચીરા પડે; ફાટે
ટકે છે=નભે છે; ચાલે છે
પહેર્યા=ઘાલ્યા
બીક=ડર; ભો
ચમારવાડો=જ્યાં ચમાર લોકો રહેતા હોયતે જગા
કોથળી=થેલી
વાસ મારતી=ગંધાતી
ઠરાયું=ઉભું રહેવાયું
ટાંગી=લટકાવી
રાંપી=ચામડું સાફ કરવાનું મોચીનું ઓજાર
જીન=ઘોડાની પીઠ પર નાખવાની ગાદી
કુમળું=નરમ
મશક=પાણી ભરવાનો ચામડાનો કોથળો

સ. ૧) ચામડામાં કયો ગુણ છે કે જેથી પાણી અંદરથી બહાર નીકળી જતું નથી? સ. ૨) જોડા પહેરવાથી શો લાભ? સ. ૩) ચામડાને કેળવવાની રીત કહો. સ. ૪) ચામડાની કઇ કઇ ચીજો થાય છે?

પાઠ ૬૮.

ન=ઘેટાના વાળ
રઢાંકર=બળદ ઘોડા
વગેરે
ઢો=બળદને ઓઢાડવા માટે સીવેલું કપડું.
ભાવો=હૂંફ; ગરમી
ર્યા=પૂરા થયા; ગયા
સડી=પોટલી
તવું=લાંબા દોરા કાઢવા
ડવેડ=કડાકુટ; માથાકુટ
કડીઆ=ગુંચળીવાળા
રાઉ=પાસે પાસે
ાઉ=મજબુત
ફ=ગરમાવો
ચવી=સંભાળી
આ=ઝીણાં જીવડાં
સ્કુટ=જેકીટ; કંમર સુધીનો વગર બાંયનો ડબજો
ભ્બો=પગની પાની સુધીનો ડગલો; જામો
બજો=બાંય વગરનું બદન
પ્ર. ૧) ઘેટાને ટાઢ કેમ વાતી નથી? પ્ર. ૨) ભરવાડ ક્યારે ઊન કાતરી લે છે? પ્ર. ૩) ઊનનો ઉપયોગ કહો. પ્ર. ૪) ઊનનાં કપડાથી ટાઢ કેમ વાતી નથી? જ. ૪. શરીરમાંથી ગરમી નીકળી જવા પામતી નથી.

પાઠ ૬૯.

ચોઘડીએ=વખતે
આંગણું=બારણા આગળની જગા
ખાસ=જાણી જોઇને
તળીઉં=નીચેનો ભાગ
ભેજ=શરદી
કુંભી=ઘરના ઉભા આડા લાકડા બેસાડવા માટેની બેસણી
સાગ=લાકડાની એકજાત
છોલાણું=છો દેવરાવવી તે
પરસાળ=ઘરમાં પેસતાં પહેલો ખંડ આવે છે તે
ઓસરી=ઓટલી
દેરાસર=દેવને રાખવાનું ઠેકાણું
પૂજા=સેવા
રસોડું=રાંધણી; રાંધવાનો ઓરડો
પાણિઆરૂં=પાણીના બેડાં તથા ગોળી મૂકવાની જગો
કોઠાર=અનાજ ભરી મૂકવા માટે લાકડાનો કે કાદવનો બનાવેલો ઘાટ
ધુમાડીઉં=ધુમાડો નીકળવા માટે બાંધેલું તે
ભરાઇ=ભરાઇ
વૈદના પગલાં થતાં નથી=રોગ આવતો નથી.
જાજરૂ=સંડાસ
વાડો=ઘરની પાછળની ખુલ્લી જમીન
ક્યારો=ચોરસ ખાડો
છીંડી=ઘરની પછાડીના નેવાં પડવાનો ભાગ
સીડી=નીસરણી
દિવાનખાનું=બેસવા ઊ-

ઠવાનો મુખ્ય ઓરડો
રંગબેરંગી=જુદા જુદા રંગના
મોટાં=પ્રખ્યાત; નામીચા
ખુબીથી=સફાઇથી
વેલ=વેલા
ખીંટી=ખુંટી
તાકા=મોટા ગોખલા
મોભ=છાપરાની વચમાંનું આડું લાકડું
સાકટી=વળી
પકવાસા=છાપરાના સાકટા સાથે જડેલી પાટીયાની ચીપો
કામડું=વાંસની બે ફાડમાંની એક ફાડ
સરડાવવુ=છાપરા ઉપર કામડાં બંધાવવા
છત=છાજ
નરદમ=તદ્દન
ઝરૂખો=ગોખ; રવેશ
બેશક=નક્કી
સલવડવાળું=સગવડ ભરેલું; વગવાળું

પાઠ ૭૦.

ઓળો=છાયો; પડછાયો
છાયાયંત્ર=ઓળાપરથી વખત જાણવાનું યંત્ર
સાધન=સાહિત્ય
મદારી=ખેલ કરનાર

સ. ૧) અસલના વખતમાં ઘડિઆળ હતા ?
સ. ૨) અસલના લોકો વખત શા ઉપરથી જાણતા.

પાઠ ૭૧

ઘડિઆળ=વખત જાણવાનું યંત્ર
ચકદો- ઘડિઆળમાં આંકા પાડેલો ગોળ ભાગ
પગથીઉં=નાની ઓટલી
I=એક
II=બે
III=ત્રણ
IV=ચાર (૧-૫)
V=પાંચ
VI=છ (૫+૧)
VII=સાત (૫+૨)
VIII=આઠ (૫+૩)
IX=નવ (દશ-એક)
X=દશ
XI=અગિઆર (દશ+એક)
XII=બાર (દશ+બે)
કુંડાળુ=ગોળચકરડું
મિનિટ=અઢી પળ; સાઠ સેકંડ
અંતરે=છેટે
કમાન=પોલાદની પટીનું ગુંછળું
સામટા=બધા
મધરાત=વચલી રાત
ઝડપ=ઉતાવળ
કુંચી=ચાવી
ઉકલતી=ઉઘડતી

સ. ૧) ઘડિઆળમાં કેટલા કાંટા હોય છે ? સ. ૨) બંને કાંટા સરખા હોય છે ? સ. ૩) નાના તથા મોટા કાંટાથી શું જણાય છે ? સ. ૪) ઘડિઆળ જો-

તાં શીખવાને માટે પહેલાં શું ઓળખવું જોઇએ ? સ. ૫) અંદાપર કેટલે સુધી આંકડા માંડેલા છે ? સ. ૬) નાનો કાંટો આઠપર હોય ત્યારે મોટો કાંટો કયા આંકડાપર હોય છે ?

પાઠ ૭૨.

પડીકું=બંડલ
સમતોલ=સરખું વજન
ત્રાજવું=તોળાવાનું
સાધન
તોળવા=જોખવા
દાંડી=ત્રાજવા બાંધે છે તે લાકડી
ચીચવો=એક ઉભા લાકડાપર બીજા આડા લાકડાની વચમાં સાલ ઘાલી બે છેડે બેસવાની રમત
મધ્ય=વચલા
સેજસાજ=જરા
છેતર્યો=ઠગ્યો
પલ્લું=છાબડું
પાધરો=સીધો
તોલ=વજન
સમ=સરખી
યુક્તિ=તદબીર
બાધ=નુકસાન; ખોટ

સ. ૧) આપણને માલ ઓછો ન મળે તે માટે ત્રાજવાની બાબતમાં શી તપાસ રાખવી ?

ભૂગોળના સવાલ.

પાઠ ૩૮ મો. સવાલ) પ્રહલાદ શું ધંધો કરતો હતો ? વલસાડથી પારડી કઇ દિશામાં છે ? વલસાડથી પારડી જતાં રસ્તે કઇ નદી આવે ? પારનેરાના ડુંગરાના શિખરપર ચઢીને તેમણે શું જોયું ? પારડી આવી તેઓએ શું કર્યું ?

પાઠ ૩૯ મો. સવાલ) ગુજરાતમાં મોટો પર્વત કયો છે ? આબુથી બીજા નાના પહાડ કયા કયા છે ? ટેકરો, ડુંગરી, ડુંગર, પર્વત, તળેટી, અને ખીણ એટલે શું તે સમજાવો. નવી જમીન શી રીતે બને છે ? કયા પર્વત પર બંગલા, કિલ્લા, દહેરાં વગેરે બાંધી શકાય ? મેદાન એટલે શું તે સમજાવો. લસુંદ્રા, દેવકી ઉનાઇ, તુળસીસ્યામ એ કુંડમાં ઊના પાણી શાથી હશે ? પર્વતો ને મેદાનો કેમ થયા તે સમજાવો. મેદાન અને ડુંગરોનો ઉપયોગ કહો.

પાઠ ૪૦ સવાલ) વરસાદનાં પાણીનાં ટીપાં શું શું કામ કરે છે ? નદીનો ઉપયોગ કહો. નદીના મુખ આગળની અને મૂળ આગળની જગામાં શો ફેર હોય છે ? સરોવર શી રીતે બનતા હશે ? સરોવરનાં પાણી કેવાં હોય છે ? કયા સરોવરનું પાણી ખારૂં હોય છે ? ગુજરાતમાં મીઠા પાણીનું સરોવર કયું છે ? અને ખારા પાણીનું કયું છે ? તળાવનું પાણી કેવું હોય છે ?

પાઠ ૪૧ સવાલ) સમુદ્રનું પાણી ખારૂં શા માટે હોય છે ? સમુદ્ર કેટલો ઊંડો હોય છે ? નદીનું પાણી શા માટે મીઠું હોય છે ? સમુદ્રમાં મોજાં શાથી થાય છે ? સમુદ્રનું પાણી રાતું, ભુરૂં, પીળું દેખાવાનું કારણ શું ? દરીઆમાં રેતી કયાંથી આવતી હશે ? દરીઆમાં શું શું પાકે છે ?

પાઠ ૪૨ સવાલ) હજીરો કયાં છે ને તે શાને માટે પ્રખ્યાત છે ? દરીઆ વિષે થોડીક વાત કહો. ભૂશિર, અખાત અને ઉપસાગર એટલે શું તે સમજાવો. બેટ શી રીતે બનતા હશે ? દ્વીપકલ્પ એટલે શું ? કઇ ક્રિયા સમુદ્ર કિનારે હંમેશાં થયા કરે છે ! સમુદ્રધુની અને ખાડી એટલે શું ત સમજાવો.

પાઠ ૪૩ સવાલ) ગાડાં અને હળમાં શેનું લાકડું વાપરે છે ? અને તે લાકડું વાપરવાનું કારણ શું ? લુહારને ત્યાં શું જોયું ? કુંભારને ત્યાં તેઓએ શું જોયું ? ઢેડવાડામાં ઢેડા શું કરતા હતા ? શણનું શું બને છે ? ગામડામાં વસવાયાં લોકો કયા કયા ધંધા કરે છે ?

પાઠ ૪૪ સવાલ) ગામ અને શહેરનો તફાવત સમજાવો. અમદાવાદ કયાં છે ? શું છે ? ને શાને માટે પ્રખ્યાત છે ?

પાઠ ૪૫ સવાલ) કુબેરદાસ કયાં જતા હતા ? તેમની સાથે કોણ ગયું ? મુખીએ કોને સલામ કરી ? મામલતદારે શી શી વાત

પૂછી ? કુબેરદાસે શું જવાબ આપ્યો ? ફોજદાર, ઓવરસીઅર અને તિજોરરનાં કામ કહો. વેચાણ, ગીરોખત કયું ખાતું નોંધે છે ? કુબેરદાસ દવાખાનામાં શું કરવા ગયા હતા ? અને ત્યાં કોની સાથે વાતચીત થઈ?

પાઠ ૪૬ સવાલ) તાલુકો, જિલ્લો અને પ્રાંતની વ્યાખ્યા બોલો, એ દરેકના ઉપરીને શું કહે છે ? જમીનની વસુલાત માફ કરાવવી અથવા મુલતવી રખાવવી એ કોણ કરી શકે ? પ્રાંતના મુખ્ય ખાતાનાં નામ દો. અને તે ખાતાના મુખ્ય અમલદારને શું કહે છે ? તાલુકાના લેણદેણ સંબંધી દાવા કોણ ચુકવે છે ? તાલુકામાં પોલીસ ખાતાનો મુખ્ય અમલદાર કોણ ? જિલ્લાના દવાખાનાના ઉપરી દાક્તરને શું કહે છે ?

પાઠ ૪૭ સવાલ) કલેકટરને દુખીએ શી બાબતની અરજી આપી ? પોલીસના ઉપરી સાહેબને શું કહે છે ? જિલ્લા જડજને શું કામ હોય છે ?

પાઠવાર અઘરા શબ્દો.

(પાઠ ૧) વાર્તા, પદાર્થપાઠો, ચિત્રો, હોશિયારી, પુસ્તકો, વનસ્પતિઓનું. (પાઠ ૨) લિપિમાં, બ્રાહ્મણી, પંડિતો, અજાણ્યુ, માત્રા, અનુસ્વાર, વિસર્ગ. (પાઠ ૩) ટટ્ટુ, કળિયુગ, ઉતર્યો, બુદ્ધિ, હિંડાડે, ખર્ચુંપાન, શ્રાવકનો, જાત્રાએ, બિચારૂં, અક્કલનો. (પાઠ ૪) ધણીધણિઆણી, ઇશ્વરભક્ત, ઈશ્વરકૃપા, ચૌદશ, સ્વભાવ, સ્ત્રીઓને, અભ્યાસ, ઇચ્છે, સોંપ્યો, ખસ્યો, શુદ્ધિમાં, આશ્ચર્ય. (પાઠ ૫) લગ્ન, પ્રીત, ખવાડયું, આશિષ, ખૂંચેલો. (પાઠ ૬) ઇન્સાફ, વિજયનગર, પૈસાદાર, સત્તર,

ખરીદ્યા, મિલ્કત, વર્તીશું. (પાઠ ૭) પરમેશ્વર, પૈપૈસા, અટકાવ્યો, વિશ્વપતિ, જગકર્તા, ભૂલ્યો. (પાઠ ૮) ઇશ્વરસ્તુતિ, વિશ્વસ્વામી, સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ, નિવારો. (પાઠ ૯) સિંહ, અત્યારે, ગર્વ. (પાઠ ૧૦) પ્રમાણિક, કિંમત, વર્ગ, આગ્રહ, ધન્ય. (પાઠ ૧૧) જાપ્તો, તૂટી, દ્રવ્ય, ભેળ્યું, ભુંડું, તાકયું. (પાઠ ૧૨) યુધિષ્ઠિર, અર્જુન, ક્રોધ, વર્તણુકથી, દુર્યોધનથી, દ્રૌપદી, ચિત્રગુપ્ત, ગંધર્વ, અંતઃકરણ, ગુસ્સે. (પાઠ ૧૩) ડાહ્યો, ન્યાયાધીશ, પ્રીતિ, ચર્ચા. (પાઠ ૧૪) ગૃહસ્થ, નિસાસો, કદાપિ. (પાઠ ૧૫) મહોલ્લામાં, મશ્કરી, આગ્રહ, સ્વાદે. (પાઠ ૧૭) રિવાજ, વર્તમાનપત્ર, ઉત્તર, લક્ષ્મી, પત્થર, ઝુંપડાં, ભટકતી, વિદ્યાર્થી. (પાઠ ૧૮) સ્વચ્છ, ચોંટાડ્યાં, ઇંદ્રિય, સ્થિતિ, દાક્તર, પ્રસંગ, અકસ્માત, ધ્યાન, છિદ્રો, નાહ્યા, અટક્યું. (પાઠ ૧૯) વિદ્વાન, પ્રમાણિક, નિર્ણય. (પાઠ ૨૦) દિલ્હી, પ્રખ્યાત, પરાક્રમી, વિદ્વાનો, વિષયો, નિશ્ચય. (પાઠ ૨૧) મચ્છર, ફાટયો, યુક્તિથી, ગર્વથી, અભિમાની, નમ્ર. (પાઠ ૨૨) પત્રવહેવાર. સ્થાપન, ઓફિસ, ટિકિટ, પરબિડીઆં, પત્તાં, તીર્થરૂપ, ચિરંજીવી, રાજેશ્રી, પ્રિયભાઇ, સૌભાગ્યવતી, ગંગાસ્વરૂપ, ટુંકું, પત્તો, જિલ્લો. (પાઠ ૨૩) દોડાવ્યો, અલ્લાહ, વિનંતી, આશ્ચર્ય, ભિખારી, સ્થિતિને, ભેટયો, ઇર્ષાખોર, દેશનિકાલ. (પાઠ ૨૪) વાદવિવાદ, ધુર્ત, પ્રાણી, પ્યારૂં, સ્વાર, ક્રૂર, સ્વારી, શ્રેષ્ઠ, ન્યાય, નિર્દોષી, વ્યાપાર, અથડાય. (પાઠ ૨૫) ધક્કો, ફોડાવ્યો, ફૂટયો,

દોષ, સદ્દગુણી. (પાઠ ૨૬) પ્રદર્શન, ગૂંથેલી, તલ્લીન, વિષય, સંખ્યામાં, નીતમલાલ, વિલાયતમાં. (પાઠ ૨૭) કિલ્લો, અગત્ય, પુષ્કળ, વિના, સંગ્રહ. (પાઠ ૨૮) પિત્તળના, ચળકાટ, પ્યાલા, કઠિઆરા. વળેલો, તરસ્યા, વિસામો, ધર્માદાનાં, ચોકખું. (પાઠ ૨૯) શેખચલ્લી, તર્કપ્રસાદ, ગુરુની, વળગ્યો, તર્ક, વિદ્યાનો, ઉપાડયો, ધુણાવ્યું, ભાંગ્યો, ઉદ્યમે, ચેતવ્યો. (પાઠ ૩૦) મુકાવ્યો, દોડયો, ગોથું, ઉડાડ, પ્રયાસ. (પાઠ ૩૧) મળસ્કે, તરુવર, વનસ્પતિ, જળધારે, પોઢે, સંતોષ, વિપત્તિઓ, ચિંતવ્યા. (પાઠ ૩૨) પ્રકારની, ઈચ્છતા, ડહેલી, હુકકો. (પાઠ ૩૩) પિડાય, ગંદું, મંદવાડ, જંતુઓ, ખુણેખોચરે, પાથરણું, શ્વાસ, બિછાનાં, ઢોળાય, ઝાડીઝુડી, દુર્ગંધ. (પાઠ ૩૪) કૈકેયી, શત્રુઘ્ન, અયોધ્યામાં, કૌશલ્યા, સુમિત્રા, લક્ષ્મણ, પ્રાણથી, વૃદ્ધ, સ્વભાવવાળી, પ્રીતિ, ઉથાપશે, ચૌદ, ધિક્કાર. (પાઠ ૩૫) ઢાલ, ટોળું, ઝગકારા, સ્થિર, ચમત્કારવાળાં. (પાઠ ૩૬) ગ્રીષ્મ, શ્યામ, મહિમાય, ઝૂકે, કોકિલા, સુગંધ, ચિત્ત, આમ્ર, પ્રફુલ્લ. (પાઠ ૩૭) વસાવ્યું, ડહાપણ. (પાઠ ૩૮) પ્રહલ્લાદ, કસ્બો, પુરુષોનાં, પુતળાં, ઓળંગી, ખંડેર, ટોચ, દહેરૂં, મુશ્કેલ, હિવાલો, વાયવ્ય, ઔરંગા, પ્રવાહ, ઉતર્યો, પાટીઉં, આકૃતિ, ગોઠવ્યા. (પાઠ ૩૯) દેવસ્થાન, પર્વત, કાઠિઆવાડમાં, શેત્રુંજો, તળેટી, તૂટીને, ટુકડાની, શિખર, પાલિતાણા, દેવકીઉનાઈ, લસુંદ્રા, પીગળેલો, ઠંડું, ભિંજાય, તૂટી. (પાઠ ૪૦) જન્મ, બન્યું, ગમ્મત, પૃથ્વી,

શક્તિ, નિચાણ, સમુદ્ર, પશ્ચિમે. સરિતા, નિર્મળ, ચિત્રવિચિત્ર, કિનારે, પિછાણીએ. (પાઠ ૪૧) શાહમોહંમદ, ભુરૂં, તાણી, કોડીઓ, વીણવા. (પાઠ ૪૨) ભૂશિર, ભૂગોળવિદ્યા, ટંડેલ, નિશાન, અથડાય, પુષ્કળ, ક્રિયા, દ્વીપકલ્પ, હંમેશાં, સામુદ્રધુની. (પાઠ ૪૩) ઇચ્છું છું, ત્રણેક, ભઠ્ઠીમાંથી, સળગાવેલાં, પૈંડાની, રેડયું, સજ્જડ, ચોંટી, લોંદા, ઢડવાડામાં, ગોદડાનાં, ખોળીઆં, ઝાંપે. (પાઠ ૪૪) છુટ્ટી, ગિલ્લીદંડા, કિલ્લો, ઓફિસ, છંટાય છે, રાત્રે, વરાળયંત્રથી, મીણબત્તી. (પાઠ ૪૫) દુરસ્ત, ખૂટતા, સખ્તી, લપેટી, તિજોરર, કોથળી, દાક્તર (પાઠ ૪૫) કલેકટર, ઇન્સ્પેકટર, મુન્સફ, ચોર્યાશી, કમિશનર, અધિકારી, અગત્યનાં, ઓછોવત્તો, ડેપ્યુટી, બોર્ડ, સંમતિ, સિવિલસર્જન. (પાઠ ૪૭) શાંતિલાલ, પરીક્ષા, કાંડા, હથિયાર, કન્યાશાળા, નિરાશ, નીમ્યા. (પાઠ ૪૮) શીખવ્યું, ફૂટતાં, થીજીને, સૂર્યનાં, કિરણો, પૃથ્વી, ઝાકળ, પહોંચ્યાં. (પાઠ ૪૯) ફૂંકીએ, ગતિમાં, ઢાંકું છુ, ઠાલવી. (પાઠ ૫૦) અંગ્રેજી, ગોવિંદ, મિઠાઇ, મોળી, બોળું છું, બેસ્વાદ, સ્વચ્છ, બાઝી, મુશ્કેલ. (પાઠ ૫૧) વિસ્મય, ખ્યાલું, હલાવ્યું, હેઠળ, સળગાવ્યો, લિલાશ, પદાર્થ, ચૂંટી, ઝાળ, ધર્યું. (પાઠ ૫૨) ગોઠવ્યાં, અફાળી, વાંકીચુંકી, ગુરુજી, ખડકમાંથી, ઝુંમર. (પાઠ ૫૩) સ્ક્રૂ, મિત્ર, ટીપ્યું, અલ્યા, વળ્યો, ચપટો, તાળાં, કઠેરાં, દિવાલની, ખીંટીઓ, ઘડિઆળ, ચપ્પુ, નક્કર, સિવાય. (પાઠ ૫૪) ઇંદ્રિયો, ઉત્પન્ન, પાંદડાં,

ફૂલ, ચોંટીને, ટટાર. અગત્યનું. છિદ્રો. ચૂસે. શોષી. ખ્યાલ. મોઢાં. (પાઠ ૫૫) દોહતા. પિળાશ. ઢીંગલીઓ. ચોંટાડવાને. હિંદુ. નિતારી. ડહોળી. (પાઠ ૫૬) પુષ્ટિકારક. કુંડી. ઉંબીમાં. કુમસો. અડદ. થુલું. ગૂંદીને, પલાળીને. ફોલ્લા. (પાઠ ૫૭) દોડ્યા. સાંકડું. શોષી. ચિરાએલાં, અગથીઆનાં. કૃષ્ણલાલ. (પાઠ ૫૮) અવસ્થા. ભટક્યા. સૂંઢ. ખૂબસુરત. વેતરી. ઈંડાં. કીડિઆરામાંથી, નિરાંત. (પાઠ ૫૯) ભાથું. ઉતર્યો, શેક્યો. પ્રાણી, ખાઉધરાં, કોહેલું. (પાઠ ૬૦) ગુચ્છાવાળી. કુંપળો, રાક્ષી, સુંવાળી. ઓચીંતી. કલ્લામાં. (પાઠ ૬૧) ગબડ્ડી. અક્કલવાળું. (પાઠ ૬૨) શિઆળ શ્રીધર. (પાઠ ૬૩) તાણ્યું, તળીઆં. (પાઠ ૬૪) અગ્નિ. ગર્જના. ધ્રૂજતાં. ચોંટ્યું. ઠેલણગાડી. ભુખ્યો. વસ્તી. પાંજરૂં. (પાઠ ૬૫) ગણ્યાં. હાડપિંજર. ટાંગ્યું. બિહામણું. કૌવત. પુકકો. માંસપેશી. રેશાની. સંકડાય. (પાઠ ૬૬) સૂક્ષ્મદર્શક. દાઝીએ. રૂઝાતો. લઈ. ભોંકે. હેઠલું, અસંખ્ય. ઋતુમાં. (પાઠ ૬૭) ઠરાવ્યું. કુક્કર. (પાઠ ૬૮) વાસ્કુટ, ઝભ્ભા. ઊઠવેઠ. (પાઠ ૬૯) છોલાણું. પાણિઆરૂં. તુળસીક્યારો. છીંડી. ચીતરાવ્યાં. સરડાવ્યું, અભ્યાસ, ઝરૂખામાં (પાઠ ૭૦) ઘડિઆળ. મિનિટ. ચક્કર. ઠલવાઈ. (પાઠ ૭૧) અઠ્ઠાવીસ, અથડાય. અંગ્રેજીમાં. (પાઠ ૭૨) ત્રાજવું, કાટલું. તોળ્યું. બાંધ્યું. જોખ્યું. યુક્તિઓ, ઓછું વ-તું, મૂક્યું.

કડાંની ડ્રિલ.

કડાં લોઢાનાં સળીઆનાં બનાવેલાં હોય છે, અને તેનો વ્યાસ એક બિલસ્ત જેટલો હોય છે; અને તેની જાડાઇનો પરીઘ બે ઇંચનો હોય છે; તે રાતા, પીળા, વાદળી વગેરે તરેહ તરેહના પાકા રંગથી રંગેલા હોય છે. સૂચના—૧) કડાંની દરેક રમત અગિઆર સુધી કરાવી બારે કડાં હાથ સાથે લટકતાં રખાવવાં. ૨) છેલ્લી રમતે બારે કડાં જમીન પર મુકાવી દેવડાવવાં મુકતાં અવાજ ન થાય તે બાબત સુચના આપવી. ૩) કડાં મુઠીમાં જોરથી દાબીને પકડવાં. અંગુઠો ટેકણુમાં કડાં ઉપર રાખવો જેથી કડાં હાલશે નહિ અને પકડવાં સુગમ પડશે. રમત ૧—તૈયાર (કડાં લેવા તત્પર થવું) ચાલો—બે કડાં બે હાથમાં લઇ હાથ નીચા લટકતા રાખવા. ૧) બેઉ હાથ ઉંચા. ૨) બેઉ હાથ નીચા લટકતા. રમત ૨—૧) બેઉ હાથ સીધા લાંબા ખભાની સીધી લીટીમાં (મુઠીઓ સામ સામી) ૨) બેઉ હાથ પીઠ ગમ પાછળ ખેંચી કડાં છાતી આગળ રાખવા. રમત ૩—બેઉ કડાં એકઠા કરી વચ્ચેથી બેઉ હાથે સામ સામા પકડવા. ૧) ઘુંટણમાંથી પગ વાળી પગના આંગળાપર વજન રાખી બેસવું એડી ઉંચી રાખવી (હાથ બે પગ વચ્ચે સીધા રાખવા) ૨) ઉભા થવું ને કડાં માથા ઉપર ધરી રાખવાં. (ઉભા થતી વખતે એડી જમીનપર ઠોકવી જોઇએ.) રમત ૪—કડાં છુટા કરી એકેક હાથમાં પકડવાં ૧) જમણો હાથ જમણી તરફ. ખભાની સીધી લીટીમાં લંબાવવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો) ૨) એકથી ઉલટું રમત ૫—૧) જમણો હાથ સામો લાંબો કરવો. (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો.) ૨,) એકથી ઉલટું. રમત ૬—૧) જમણો હાથ ઉંચો (ડાબો હાથ લટકતોજ રહેવા દેવો. ૨) એકથી ઉલટું. રમત ૭—૧) બેઉ હાથ ઉંચા (મુઠીઓ સામસામે)

૧) ૨) બેઉ કડાં પગના આંગળા આગળ (પગ ઘુટણમાંથી સીધા રાખવા) રમત ૮—બેઉ હાથ ઉંચા (મુઠ્ઠીઓ સામસામે ૧) જમણો હાથ મોં સામેથી ઉપલી તરફથી લઇ ફેરવીને ઉચો રાખવો, (ડાબો હાથ લટકતોજ રાખવો) ૨) એકથી ઉલટું. રમત ૯—૧) બેઉ હાથ સામા લાંબા (મુઠ્ઠીઓ સામસામા) ૨) બેઉ હાથ પાછળ લાંબા. રમત ૧૦—૧) બેઉ હાથ ખભાની સીધી લીટીમાં (મુઠ્ઠીઓ આકાશ તરફ) ૨) બેઉ હાથના અંગુઠા ખભાને અડકાવવા.

આનાની ધાત.	૬૮ ~ રૂ. ૪ા	૭૦ ~ રૂ. ૪ા≈
૪ ~ રૂ. ૦ા	૭૨ ~ રૂ. ૪ાા	૮૦ ~ રૂ. ૫)
૮ ~ રૂ. ૦ાા	૭૬ ~ રૂ. ૪ાાા	૯૦ ~ રૂ. ૫ાા≈
૧૨ ~ રૂ. ૦ાાા	૮૦ ~ રૂ. ૫)	૧૦૦ ~ રૂ. ૬ા
૧૬ ~ રૂ. ૧)	૮૪ ~ રૂ. ૫ા	૧૦૦૦~ રૂ. ૬૨ાા
૨૦ ~ રૂ. ૧ા	૮૮ ~ રૂ. ૫ાા	૧૬ ~ રૂ. ૧)
૨૪ ~ રૂ ૧ાા	૯૨ ~ રૂ. ૫ાાા	૩૨ ~ રૂ. ૨)
૨૮ ~ રૂ. ૧ાાા	૯૬ ~ રૂ. ૬)	૪૮ ~ રૂ. ૩)
૩૨ ~ રૂ. ૨)	૧૦૦ ~ રૂ. ૬ા	૬૪ ~ રૂ. ૪)
૩૬ ~ રૂ. ૨ા	૪૦૦ ~ રૂ. ૨૫	૮૦ ~ રૂ. ૫)
૪૦ ~ રૂ. ૨ાા	૮૦૦ ~ રૂ. ૫૦)	૯૬ ~ રૂ. ૬)
૪૪ ~ રૂ. ૨ાાા	૧૦ ~ રૂ. ૦ાા≈	૧૧૨ ~ રૂ. ૭)
૪૮ ~ રૂ. ૩)	૨૦ ~ રૂ. ૧ા	૧૨૮ ~ રૂ. ૮)
૫૨ ~ રૂ. ૩ા	૩૦ ~ રૂ. ૧ાાા≈	૧૪૪ ~ રૂ. ૯)
૫૬ ~ રૂ. ૩ાા	૪૦ ~ રૂ. ૨ાા	૧૬૦ ~ રૂ. ૧૦)
૬૦ ~ રૂ. ૩ાાા	૫૦ ~ રૂ. ૩)≈	૧૭૬ ~ રૂ. ૧૧)
૬૪ ~ રૂ. ૪)	૬૦ ~ રૂ. ૩ાાા	૧૯૨ ~ રૂ. ૧૨)

૨૦૮ ~ રૂ. ૧૩)	૨૫૬ ~ રૂ. ૧૬)	૩૦૪ ~ રૂ. ૧૯)
૨૨૪ ~ રૂ. ૧૪)	૨૭૨ ~ રૂ. ૧૭)	૩૨૦ ~ રૂ. ૨૦)
૨૪૦ ~ રૂ. ૧૫)	૨૮૮ ~ રૂ. ૧૮)	

રૂપીઆભારની ધાતુ.

રૂ. ભાર		શેર	અધોળ	રૂ. ભાર		શેર	અધોળ
૧। રૂ. ભાર.		૦)૦॥	૦॥	૨૧।	,,	૦॥૦॥	૮॥
૨॥	,,	૦)~	૧	૨૨॥	,,	૦॥~	૯
૩॥।	,,	૦)~॥	૧॥	૨૩॥।	,,	૦॥~॥	૫॥
૫	,,	૦)=	૨	૨૫	,,	૦॥=	૧૦
૬।	,,	૦)=॥	૨॥	૨૬।	,,	૦॥=॥	૧૦
૭॥	,,	૦)≡	૩	૨૭॥	,,	૦॥≡	૧૧
૮॥।	,,	૦)≡॥	૩॥	૨૮॥।	,,	૦॥≡॥	૧૧॥
૧૦	,,	૦। શેર અથવા	૪	૩૦	,,	૦॥।	૧૨
૧૧।	,,	૦।૦॥	૪॥	૩૧।	,,	૦॥।૦॥	૧૨॥
૧૨॥	,,	૦।~	૫	૩૨॥	,,	૦॥।~	૧૩
૧૩॥।	,,	૦।~॥	૫॥	૩૩॥।	,,	૦॥।~॥	૧૩॥
૧૫	,,	૦।=	૬	૩૫	,,	૦॥।=	૧૪
૧૬।	,,	૦।=॥	૬॥	૩૬।	,,	૦॥।=॥	૧૪॥
૧૭॥	,,	૦।≡	૭	૩૭॥	,,	૦॥।≡	૧૫
૧૮॥।	,,	૦।≡॥	૭॥	૩૮॥।	,,	૦॥।≡॥	૧૫॥
૨૦	,,	૦॥	૮	૪૦	,,	૧	૧૬

(સમાપ્ત)